सरकारी ग्रंथ
केळवणीखातुं

बाळ-गर

કર્તા

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર

स्व. नवलराम लक्ष्मीराम

આવૃત્તિ ૧૯

સ્વર્ગસ્થ સાક્ષર.

નવલરામ લક્ષ્મીરામ

ના પુત્ર.

ધીમતરામ નવલરામે

ગદ્ય પદ્યાત્મક કરેલુ

વિષ્ણુશર્મા કૃત

हितोपदेश

નું

ભાષાંતર.

(કિંમત. રૂા. ૧)

મળવાનું ઠેકાણું.

બુકસેલર કસનદાસ નારણદાસ—સુરત.

The Department of Public Instruction Bombay.

BALA-GARBAVALI

OR

A SONG--BOOK FOR GIRLS.

BY

LATE NAVALRAM LAKSHMIRAM.

PRINCIPAL, TRAINING COLLEGE, KATHIAWAR.

ब ळ–गरबावळी.

કર્તા,

રા. રા. નવલરામ લક્ષ્મીરામ

પ્રસિદ્ધકર્ત્તા

ધીમતરામ નવલરામ–સુરત.

આવૃત્તિ ૧૮મી.

ઈ૦ સ૦ ૧૯૧૩.

કિંમત ૦–૨–૦

ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મટુભાઈ ભાણદાસે છાપી.
ખપાટીઆ ચકલા—સુરત.

પ્રસ્તાવના.

મનની કેળવણીમાં અભ્યાસ એ એક અવશ્યનું સાધન છે; સારી કવિતા માણસનાં રસજ્ઞાન તથા કલ્પનાને કેળવણીથી પ્રફુલ્લિત કરે છે; તેને સારૂ સુખનું એક નવું તથા અખુટ બારૂં ઉઘાડે છે; અને મનની ઊંચી વૃત્તિઓને જાગ્રત કરી તેની પાસે ઊંચાં કર્મ કરાવે છે. શાસ્ત્રના અભ્યાસથી પરિપક્વ થએલી બુદ્ધિને કોમળ, ચપળ, ઉમંગી તથા ઉદાર કરનાર સારી કવિતાજ છે.

પણ બાળ કેળવણીને લાયક કવિતા મળવી મુશ્કેલ પડે છે; કેમકે કવિઓ ઘણું કરીને પોતાની અવસ્થાનોજ રસ વર્ણવી જાય છે, અને બાલ્યાવસ્થાના રસ અને કલ્પનામાં ઉતરવું એ બહુ અઘરૂં છે. એ કારણથી સઘળી ભાષામાં સારી બાળ કવિતા થોડીજ દીઠામાં આવે છે. આપણી ભાષામાં તો તેની કેવળ ખોટજ છે.

એ ખોટ પૂરી પાડવાને અર્થે મારો વિચાર ઘણા વખતથી યથાશક્તિ કાંઇ કરવાનો હતો, અને તેથી કેળવણી ખાતાની તર્ફથીજ ગરબાવળીની માગણી આવતાં મ્હેં તે ઉમંગથી ઝીલી લીધી છે. એમાં ધારેલી મતલબ કેટલી પાર પડી છે;—એટલે એમાં રસ કેટલો આવ્યો છે, અને તેમાં તે બાળકથી ગ્રહણ થઇ શકે એવો કેટલો છે— એનો નિર્ણય કરવો એ બાળ કેળવણીના ચતુર અનુભવીઓનું કામ છે. ગરબીઓ કેવી રીતે ગાવી તે જાણવાને સારૂ

તેને મથાળે એક પ્રસિદ્ધ * કડી મૂકવાનો રિવાજ છે, પણ તે પ્રમાણે કેટલાંક કારણોથી આ ચોપડીમાં થઈ શક્યું નહિ, તે છતાં તેનો પદ્યબંધ તો જણાય એમ ધારી મેં તેનાં સાંકેતિક નામ ત્યાં લખ્યાં છેઃ—જેમકે ચોચોક્કા એટલે ચાર ચાર માત્રાના ચાર ગણ જેના પ્રત્યેક ચરણમાં સમાયલા છે તે अ, इ, उ, ओ, વગેરે નામને અંતે જે પ્રત્યય લગાડયા છે તેમાં પણ મર્મ રહેલો છે, પરંતુ તે સઘળો વિસ્તાર આ ઠેકાણે આપી શકાતો નથી.

મુ૦ રાજકોટ, તા૦ ૬ ઠી સપ્ટેમ્બર ૧૮૮૭.

નં. લ.

---

* પણ એની જરૂર જણાવવાથી સન ૧૮૭૯ ના એપ્રિલ માસના ગુજરાતશાળા પત્રમાં એ પ્રસિદ્ધ કડીઓ મેં મહેતાજીની જાણને માટે બતાવેલી છે.

સાંકળીયું

विषयनु नाम.	पृष्ठ.

(छठ्ठुं धोरण भणनारीओने सारु.)

(फीमेल ट्रेनिंग कोलेजने सारु.)

બાળપ્રાર્થના.

ધોળ, (માપ, ચોથોકા.)

માગું માગું છો ઇશ્વર આપ રે,
પ્રાણી માત્રના માને બાપ રે;
જેની શક્તિનું નહિ કંઇ માપરે,
પાય લાગુ, માગું, પ્રભુ આટલું.

માગું માગું, પ્રથમ તમ પ્રેમરે,
રાખો રાખો અમપર રહેમરે;
તમ રહેમેજ રહિયે ક્ષેમરે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૨

માગું માગું કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને;
માગું કુશળ ભાંડુઓના સાથને,
પાય લાગું, માગુ, પ્રભુ આટલું. ૩

માગું માગું, અમને તમે પાળજો,
અન્ન વસ્ત્ર ને આબરૂ આલજો;
જન સર્વનાં સંકટ ટાળજો,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૪

માગું માગું, હું આણી વા'લને,
આપો આપો, સુબુદ્ધિ હું બાળને;

કાપો કાપો કુતર્ક કુચાલને,
પાય લાગું, માગું પ્રભુ આટલું. ૫

માગું માગું, માબાપની સેવરે,
સદા સાચુંજ બોલ્યાની ટેવરે.
મારા મનનો, હરો અહમેવ[1] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૬

માગું માગું, માયાળુ સ્વભાવરે,
મીઠા બોલ, ને સૌ પર ભાવરે;
છે જેથીજ જગમાં નિભાવરે,
પાય લાગું, માગું પ્રભુ આટલું. ૭

માગું માગું, સુમાર્ગ બતાવરે,
મારા દિલમાં દયા તું વસાવરે;
પરમારથ[2] પૂર્ણું[3] કરાવરે;
પાય લાગુ, માગું, પ્રભુ આટલું. ૮

માગું વિદ્યાનું વ્યસન[4] લગાડજે,
મારી અંતર આંખો ઉઘાડજે;
શુદ્ધ સત્યનો સુરજ ઉગાડજે,
પાય લાગું, માગું પ્રભુ આટલું. ૯

મેં આ માગ્યું, હું માગવા જોગરે,
બાપ આપ છો આપવા યોગ્યરે;
હવે આપો જે હોય યોગ્ય[5] રે,
પાય લાગું, માગું. પ્રભુ આટલું. ૧૦

---

૧ અહંકાર, ૨ જીવનું કલ્યાણ થાય એવાં કામ. ૩ બરાબર, ૪ ટેવ. ૫ નુકસાન વગરનું.

નિશાળે જતી છોડીનું વર્ણન—વા'લી બેન.

ગરબી (ચોચોકા.)

મારી *વા'લી બે'ન છે બહુ છોટી જો,
પણ ડા'પણમાં મોટી જો. ૧
મારી વા'લી બે'નને નહિ ગંદા જો,
હસતીજ આખો સદા જો. ૨
મારી વા'લી બે'ન વા'ણે વ્હેલી જો,
ઉઠે સૌથી પ્હેલી જો. ૩
મારી વા'લી બે'ન દાતણ નિત્યે જો,
કરે, ને નાહે પ્રીતે જો. ૪
મારી વા'લી બે'ન વાળ ઓળાવે જો,
રોજ કપાળ લુછાવે જો. ૫
મારી વા'લી બે'ન સો સુધી ગણતી જો,
ભાવે "ભુ પા" ભણતી જો. ૬
મારી વા'લી બે'ન ચાલી નિશાળે જો,
ચૂકે નહિ કો કાળે જો. ૭
મારી વા'લી બે'ન સિલેટ સાહી જો,
દીસે છે બહુ ડાહી જો. ૮
મારી વા'લી બે'ન પેન તો માગે જો,
સૌને વા'લી લાગે જો. ૯

---

* જ્યાં આવું. (') અલ્પાહાર ચિન્હ મૂક્યું હોય ત્યાં કોઈ હકારનો ઉચ્ચાર છે એમ જાણવું; જેમ કે વા'લી એ વહાલી લખ્યું હોય ત્યારે જેમ વાંચીએ છીએ તેમ વાંચવું.

મારી વા'લી બે'ન હમ ઠમ ચાલે જો,
ચોપડી હાથમાં ઝાલે જો. ૧૦
મારી વા'લી બે'ન પાઠ કરે છે જો,
સૌમાં સરસ ઠરે છે જો. ૧૧
મારી વાં'લી બે'ન વાંચે વાતો જો.
હરખ સરવને થાતો જો. ૧૨
મારી વા'લી બે'ન 'લઈને તાળી જો,
ગરબી ગાય રસાળી જો. ૧૩
મારી વા'લી બે'નના બોલ મીઠા જો,
દુનિયામાં નહિ દીઠા જો. ૧૪
મારી વા'લી બે'ન વા'લાં લાગો જો,
મન ગમે તે માગો જો. ૧૫

છોડીઓની ઉજાણી.

ગરબી (અણચોકા)

સૌ બહેનો હળીમળી આવો આજ,
આપણે કરિયે ઉજાણી,
સૌ કાંઇ કાંઇ ઘરથી લાવો, આજ, આપણે૦ ૧
કો લાવી ચણા, કો ધાણી, આજ, આપણે૦
કો કોપરું ખાંડ તો આણી, આજ, આપણે૦ ૨
કો ખજૂર ખોળી લાવી, આજ, આપણે૦
કો ચારોળી ચાવતી આવી, આજ, આપણે૦ ૩
કો કહે થઈ એ તો *અઠીઠી, આજ, આપણે૦

---

* એઠી, બોટેલી.

કો લાવી બદામો મીઠી, આજ, આપણે૦ ૪
કોએ પસ્તાં સસ્તાં આણ્યાં, આજ, આપણે૦
સોએ *ખોરાં ખુબ વખાણ્યાં, આજ, આપણે૦ ૫

કો કોકડીઓ, કો દ્રાખો, આજ, આપણે૦
કો લાવી મૂળો આખો, આજ, આપણે૦ ૬

કો બરફી બર્ફીજ સરખી, આજ, આપણે૦
જોઇ બાળક કુદ્યાં હરખી, આજ, આપણે૦ ૭

કો પેંડો લાવી પ્રેમે, આજ, આપણે૦
નહિ કોઇથી ભાગ્યો કેમે આજ, આપણે૦ ૮

પણ પત્થરથી તે હાર્યો આજ, આપણે૦
કો લાવી લાડવો સારો, આજ, આપણે૦ ૯

કો કહે ખપે ન અમને, આજ, આપણે૦
કહ્યું નહિજ મૂકિએ તમને. આજ, આપણે૦ ૧૦

કો લાવી સક્કરપારા, આજ, આપણે૦
ગોળપાપડી, મમરા ખારા, આજ, આપણે૦ ૧૧

કો લાવી ગાંઠીયા, ગમતા આજ, આપણે૦
તે તો ગટ્ટ કરી ગયા રમતા આજ, આપણે૦ ૧૨

કો લાવી પકવાન પાંચે, આજ, આપણે૦
જોઇ જીભ સળવળે સાચે, આજ, આપણે૦ ૧૩

કોઇ દળ મગદળ ગળગળતું, આજ, આપણે૦
કોઇએ આણ્યું અથાણું મો બળતું આજ, આપણે૦ ૧૪

કો ખોબો ભરી ખારેકો, આજ, આપણે૦
કો .લાવી પાપડ સેક્યો, આજ, આપણે૦ ૧૫

---

*એ પસ્તાં ખોરાં છે એમ સોએ કહ્યું.

ટો છાનું છુપાની લ્હાવી, આજ, આપણે૦
પાછી વાળીજ' જેવી આવી, આજ, આપણે૦ ૧૬

એ'ન એતો ચોરી કહેવાએ, આજ, આપણે૦
કહ્યા વિના ન લાવવું કાંઇ, આજ, આપણે૦ ૧૭

રોની આવી એક બીચારી, આજ, આપણે૦
નથી આપતી મા કાંઇ મારી, આજ, આપણે૦ ૧૮

એને પ્રેમે પાસ બેસાડી, આજ, આપણે૦
સૌએ મિજબાની તો માંડી, આજ, આપણે૦ ૧૯

સૌ વા'હલથી વેચી ખાઓ, આજ, આપણે૦
ખાઇ પીને ગરબા ગાઓ, આજ, આપણે૦ ૨૦

ગુજરાતનો વનસ્પતિ વૈભવ, ભાગ ૧ લો.

ગરબિ. (ચોચોકા.)

રૂડો! રૂડો! મુલક ગુજરાત રૂડો!
જગદીશે જગતમાં ખૂબ ઘડયો! ૧

જ્યાં જુઓ ત્યાં લીલા લહેરજ છે!
ધનધાન્યે *ભૂધરની મહેરજ છે! ૨

બહુ જુવાર, બાજરી, ડાંગેર ને,
ઘઉં ચણા, વટાણા, ઝાલર ને. ૩

ઘણી તુવેર, ને મગ, ચોળા, જ્યાં,
મઠ અડદ, મકાઈ, જવ ઝાઝા. ૪

વર્ણો વર્ણો, દીવેલી તલ અળશી,

---

*પરમેશ્વર.

આહે ચીજો હજારો હજારો કળશી!
એ ગણે ગણાય ન કહું સાચું,
ગુજરાતે પાકે સોનું કાચું ! ૬
કાચું રાખ્યું નથી કંઇ કિરતારે !
કરી કૃપા ભરતખંડ પર ભારે ૭
ભૂલ ભુંડી આપણીજ છે ભાઇ,
કે ગયા દુખી દળદર માંહી. ૮
આવો મુલક મળ્યો હોય બીજાને,
દુખ બોલ જનમમાં ન તે જાણે. ૯
લોક અકલ હુનર નહિ કંઇ આણે,
જૂઠો મમત, ગાડરવત બહુ તાણે. ૧૦
મૂકી મમત, આળસ ઇર્ષા સર્વે,
દેશ દાઝે ઘૂમો ઘુમો ! ગર્વે. ૧૧
કરો ગર્વ ગરૂઓ મુલક પાછો !
સુતા બેઠાં સ્વદેશનું સુખ વાંચ્છો ! ૧૨
સંપ સજી ભજી વિદ્યામાતા,
થઇ હુન્નર કળામાં મદમાતા, ૧૩
કશી કમર, પલકમાં ખંખારી,
બહાર પડો ! ફતેહ છે કહું ધારી. ૧૪

ભાગ ૨ જો.

(રાગ ઉપર પ્રમાણે.)

ખરે ખરો બગીચો ગૂજરાતજ,
ફાલ્યો ફુલ્યો ને ફાલ્યો પ્રખ્યાતજ ? ૧
ઝાઝાં ઝાડોનાં ઝુંડજ જ્યાં દીસે,
જોતાં જોતાં જે જીવ હરખી હીસે. ૨

વડ ઘટા ઘાલે ચોગમ ફરતી,
જે નીચે સેનાઓ ઉતરતી. ૩

ઉગે આંબાઓ હારો હાર ઘણા,
કહો કેરીના સ્વાદમાં શી જ મણા ? ૪

રૂડી રૂડીરે લીંમડાની છાયા,
ભુંડી ભુંડીરે આમલીની માયા. ૫

કેવો કેવો કપાસનો છોડ સારો !
જાતે નાનો, જગતને ઢાંકનારો ! ૬

શું ખિલ્યું આ ખેતર ખસખસનું !
હોય અફીણ અમૂલ્ય જે રસનું ! ૭

ભુખહિણા વિના ખપ જો ખાએ,
ખર મરેજ એનો ન વાંક કાંએ. ૮

શી શોભે આ ઉભી શેલડીઓ !
કેવી ઝુકે છે, જો જો ચમરીઓ ! ૯

મોટું પેલું ફણસનું ફળ કેવું ?
દિસે હાથીના કુંભસ્થળ જેવું. ૧૦

જોજો ઝાડો ઝવાહિરનાં સહુ રે,
કોને મુકું, ને કોને હું ગાઉરે. ૧૧

આસોપાલવ કંદબ, પિપળ બીલી,
તાડ ઉંચું રહ્યું ગગન ઝીલી. ૧૨

વાંસ, સાગ, સરગવો, ને બાવળ,
ખરે ખાખર, ખજુરાં ને આવળ. ૧૩

જમરૂખી, કમરખી બોરડીઓ.
સીતાફળી, કદલી, દાડમડીઓ. ૧૪

જે કોઠી, રાયણુ, લીંબુ, જાંબુ,
નારંગી, અંજીર, શેતુર લાંબુ. ૧૫
વળી પપાઈ, ફાલસાં, ને દ્રાખો,
હોય મેવા મઝાદારજ લાખો. ૧૬

ભાગ ૩ જો.

(રાગ ઉપર પ્રમાણે.)

ફુલ મઝા તો આપણા દેશજની !
સોનું ને સુગંધ એ સજની ! ૧
ફુલ રંગબેરંગી કેવાં છે !
ઉડાં આંખેજ વળગે એવાં છે, ૨
ને સુગંધ શી સુંદર સારી !
રહ્યો એ'કી મુલક બધો ભારી. ૩
જુઇ, જાઇ, કેતકી, સાહેલી,
પારિજાતક, ચંપો ચંબેલી. ૪
ગુણી ગુલાબ, મોગરો, બટમોગરો,
ગુલછડી, તગર, તુલસી, ડમરો. ૫
મઘમઘી રહ્યાં વન વન ચોગમ,
નામ લેતાંજ આવે છે સોરમ ! ૬
શાં ખિલે કમળ જળમાં ચોપાસ !
શાં સોહામણાં સાંજે ગુલબાસ. ૭
શા શોભી રહ્યા આ ગુલ્લાલા !
કેસુડાં, કસુંબો લાગે વા'લા. ૮
પેલાં સુંદર સુરજ ફુલ સુરજની,

પૂંઠે ફૂરે છે પ્રેમે, આ સજની. ૯
પેલી પોયણી પરણી ચાંદાસુ,
જોય ચાંદો, ને જો, આવે *હાસુ ! ૧૦
પુષ્પ ખિલ્યાં કરેણાં, તનમનિયાં,
ધંતુરા તુરી સમ છે બનિયા. ૧૧
જાણે પુકારે વનવૈભવ ઇશનો !
વન લીલામાં વાસ છે જગદીસનો. ૧૨
જ્યાં જોઉ, ત્યાં ઇશ્વર સભર ભર્યો !
ધન ભાગ્ય નવલ, ભવ સાર સર્યો ! ૧૩

નિશાળનું વર્ણન.

ગરબી. (ત્રિઅટ્ટી.)

મા, મને નિશાળે મૂકને, પાય લાગું મા,
મા, ભાગ તું મારી ભૂખને મુખ માગું, મા. ૧
મા, મારી મારા જેવડી બેનપણીઓ મા,
મા, જો જો ચાલી આ ચોપડી લઇ ઘણીઓ, મા. ૨
મા, જો જો કેવી એ જાય છે, માનમો જે, મા !
મા, જાયજ તો ત્યાં ગવાય છે, ગીત રોજે, મા. ૩
મા, ભરી રૂપાળાં રંગથી એક પેટી, મા,
મા, તે તો જુઓ એ ઉમંગથી ત્યાં બેઠી, મા. ૪

---

*હસવુ એટલે ચંદ્રોદય પછી ઉજળી સોહામણી દેખાય છે.

૪૫૦૮
7 (૧૧)

મા, ખેળવણું ખુશકારની છે બીજી, મા,
મા, જેને કહે છે આકારની જન રીઝી, મા. ૫
મા, વળી ચળકતે ચોકઠે રૂપાળા, મા,
મા, ઘણા લખોટા, જેવડે ગણે બાળા; મા. ૬
મા, નકશા નવરંગી, નવાં, તકતકતા, મા,
મા, ભીંતે ભલા ખુબ બેરવ્યા જાણે તખ્તા, મા. ૭
મા, ગોળો ચોગમ ચીતર્યો એક ત્યાં છે, મા,
મા, ચકર ચકર કરતો ખરો કહું સાચે, મા. ૮
મા, એક દિવસ ત્યાં ગઇ હતી, સખી સંગે મા,
મા, તેજ દિવસથી થઈ મતિ "ભણું રંગે" મા. ૯
મા, નિશાળમાં તો છે મઝા ભણવાની, મા,
મા, એક વાગે આપે રજા, રમવાની, મા. ૧૦
મા, મે'હેતાજી માયા બધાં પરે બહુ રાખે, મા,
મા, શાંત સ્વભાવે તે સદા મીઠું ભાખે, મા ૧૧
મા, શીખવવાની શી છટા છે ત્યાંહી ! મા,
મા, ચિતે ચોં'ટે ચોગમ ઘટા રહે છાહી ! મા. ૧૨
મા, અહાવી નિશાળે તો જવું, મોજજ ! મા,
મા, ગમે રમ્યાથી શીખવું જ્યાં રોજજ, મા. ૧૩
મા, જો નિશાળજ બહારથી રઢ લાગે, મા,
મા, જો જઈ ભણીએ પ્યારથી ભાગ્ય જાગે, મા. ૧૪
મા, ભણતર વણુ નરનાર રહે પશુ સરખાં, મા,
મા, વિદ્યામાં મેં અપાર રે સુખ નિરખ્યાં, મા. ૧૫

(ચોથું ધોરણ ભણનારીઓને સારૂ.)

ઇશ્વરનું સ્તવન.

ગરબી (ચોછકા.)

જે આ જગતને નિભાવે ભજું તેજ ભાવે,
ખલક પલકમા બનાવે, ભજું તેજ ભાવે. ૧
ચાહે ત્યારે ઝટ ડુબાવે, ભજુ તેજ ભાવે;
તે તો વિશ્વનાથ કહાવે, ભજું તેજ ભાવે. ૨
જે આ સર્યને શોભાવે, ભજું તેજ ભાવે.
જે આ ચંદ્રને ચળકાવે, ભજું તેજ ભાવે. ૩
ઘુમટ ગગનનો ટેકાવે, ભજું તેજ ભાવે;
અસંખ્ય ગોળા આ ગબડાવે, ભજું તેજ ભાવે. ૪
જડને ધર્મ જે ધરાવે, ભજું તેજ ભાવે;
મનને મુકિતશ ચઢાવે, ભજું તેજ ભાવે. ૫
જે છે પ્રાણનો આધાર, ભજું તેજ ભાવે;
જે છે સારમાંનું સાર, ભજું તેજ ભાવે. ૬
જે છે ડાહ્યો દયાવંત, ભજું તેજ ભાવે,
જેને નહિજ આદિ અંત ભજું તેજ ભાવે. ૭
સકળ શકિતનો જે ભૂપ, ભજું તેજ ભાવે;
જે છે એક ને અનુપ, ભજું તેજ ભાવે. ૮
જે છે અકળ ને અરૂપ, ભજું તેજ ભાવે;
જ્યાં મનવાણી હોય ચુપ, ભજું તેજ ભાવે. ૯
જેને નવલ કવે શું જ! ભજું તેજ ભાવે,
તું તે તુંજ, તુંજ, તુંજ, ભજું તેજ ભાવે. ૧૦

ચોમાસું.

ગરબી (ત્રિતાળી ચોઘડ્ડા.)

પેલી વાદળીઓએ ઘૂમાઘૂમી માંડીરે!
હવે આવશે ચોમાસું શું ઓ માડીરે. ૧
હા હા! હજી નહિ શું આવે? ઘામ કેવોરે
કેરી આફમાજ ચાખી હોય એવોરે! ૨
નથી હાલતું ઝાડનું એક* પાનરે;
ફર્યો પવન જડ થયો હવે પ્રશાન રે ૩
નહિ શ્વાસરે લેવાય, જિવ રૂંધાય રે:
પાંખ પંખીઓ વિખેરી ધૂળે નાખેરે. ૪
ભૂંડી અંગે આ અળાઇઓ કરડી ખાયરે!
પડે સાંજ ત્યારે કાંઇક સુખ થાયરે. ૫
અધવાર્યો આષાઢ, ઊંચુ જોઇએરે!
હવે મેહુલે તો મે'ર કરી જોઇએરે! ૬
ખોદી ખેડીને ખેડુત ચાસ પાડીરે;
ઉભા ખેતર જુએ છે વાટ દાઢીરે. ૭
એક ઠામ કરી પ્રવાસી ખલાસીરે;
વળી વેપારી, અધિકારીઓ સંન્યાસીરે. ૮
એવી મોસમ. પડયાં બંધ બધાં વાંણોરે;
નદી નાળે નીર ન, જાય હરણુ પ્રાણોરે. ૯
લુખી ભૂખી ને સુકા ખડંગ બાંયરે,
"પય પય" પોકારે છે; જોડ પપૈયા રે. ૧૦

---

* એક પાંદડું પણ.

પ્રાણીં માત્રનો આધાર મેઘરાજા રે;
આવો, આવો, મહારાજ રાખો માઝા રે! ૧૧
ધાતાં ધાતાં કાળાં કાળાં વાદળ આવે રે;
ગગન ઘેરીને અંધારકોટ બનાવે રે. ૧૨
થાય ચમક ચમક વીજના ચમકારા રે,
કડડ કડડકડડ કડકડ્યાં નગારાં રે. ૧૩
છૂટ્યો પવન, આવ્યું લહેરૂં હાશ સારૂં રે!
ક્યાંહી વર્ષ્યો એ નિશ્ચે હું તો ધારૂં રે. ૧૪
પડ્યો! એ પડ્યો! પડ્યોજ મૂસળધારે રે!
નવલ સુગંધ ઊડી, શાંતિ થઇ સંસારે રે!

जनावरनी जान. (છચ્ચોકા)

ઘોળ.

જાન જનાવરની મળી ॥ મેઘાડંબર ગાજે;
બકરી બાઇનો બેટડો ॥ પરણે છે આજે. ૧
ઢોલ નગારાં, ભેર ને ॥ સુર સરણાઈ તીણાં;
સો સાએલા શોભિતા ॥ બેટા બેટી ઘેટાંનાં. ૨
ઠીક મળી ઠઠ લોકની ॥ જરા હામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં ॥ દડબડ દાઢીઆળો. ૩
સાજનનું શું પૂછવું ॥ બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી ॥ મોટાં મોટાં ઢોરો. ૪
રાતા માતા આખલા ॥ રાખી શિંગડાં સીધાં;
આગળ માગ મૂકાવતાં ॥ પદ પોલીસ* લીધાં.

---

* જાણે પોલીસનું કામ કરતા હોય, તેમ તેઓ માર્ગ મૂકાવતા જાય છે.

શાજને એટ ઉંડડા ॥ હીંડે ઉંચી ઓડે;
એના અગાડે વાંકડા ॥ કામદારોની ગોડે. ૬

હારમાં એક બે હાર્થી છે ॥ મોટા દાંતજવાળા;
નીચું ન્યાળીને ડોલતા ॥ હીંડે શેઠ શુંઢાળા. ૭

હાર્થી થોડા, તો છે ઘણા ॥ હાર રોકતા પાડા;
કાળા કદંગા ને થયા ॥ ખડ ખાઇ જડ જાડા. ૮

આંખ ફાટી છાતી નીસરી ॥ કરતા ખુબ ખુંખારા,
હીંડે ઉછળતા ઘોડલા ॥ શાહાજન થઇ સારા. ૯

ટટુઓ ટગુમગુ ચાલતાં ॥ પૂંઠે ગરીબ ગધેડા,
હાજી હાજી કરી હીંડતા ॥ ડીફાં વિના* અતેડા. ૧૦

હારોહાર હજારો આ ॥ માંહે ગાંહે લપાતા;
કોણ આવે કામળ ઓઢીને ? ॥ એતો ગાડર માતા. ૧૧

પિતરાઇઓ વહેવાઇના ॥ એને અકલ ન કોડી;
આડા અવળા એકકની ॥ પૂંઠ જાય જો દોડી. ૧૨

બકરા તો વરના બાપ છે ॥ હોય એનું શું લેખુ ?
શું શાગર શિંગડા તણો ॥ હું તે આજે આ દેખું ? ૧૩

વરનો તે ઘોડો આવિયો ॥ વાજે વાજા વિલાતી
ભેર, ભૂંગળને ઝાંઝરી ॥ ભેગું ભરડતી જાતી. ૧૪

વર રાજા બે માસનું ॥ બાળ બેં બેં કરતું;
ઝડપાયું ઝપ ઝોળીમાં ॥ મન ગાડીનું ઠરતું. ૧૫

મંગળ બકરી બાઇતો ॥ ગાય હરખી હરખી;
જોડે જાંદરણી ઘણી ॥ કોડે જોવાજ સરખી. ૧૬

---

* ડીફાં વિના જેને ચાલવું ફાવતું નથી એવા ગંધડા.

બકરી બાઇએ નાતની ॥ ને બીજી ધણીઓ;
આણી આડોશ પાડોશણો ॥ બાપડી બે'નપણીઓ. ૧૭
ભેંસ ભુંડણુ ને ઉંટડી ॥ ઘેટી, ઘોડી, ગધેડી;
ગાય, બિલાડી, ઉંદરડીને ॥ એક કુતરીએ તેડી. ૧૮
વાંદરીઓ નથી વીસર્યા ॥ દશ વાંશ આ કૂદે ‘
સાથે સામટાં ગાઇ સૌ ॥ સાતે સૂરને સુંદે. ૧૯
કોઇ બેં બેં કોઇ બેં બેં કરે ॥ કોઇ ભૂંકતી ભૂકું;
કોઇચું, ચું, મ્યાઉં મ્યાઉં કરે ॥ વેર વાજો કો કૂંડું. ૨૦
હુક હુક કરતી વાંદરી ॥ જો જો ? નાચે છે કેવાં!
ધન્ય ધન્ય બકરા ! ન કોઇની ॥ જાન તારા તે જેવાં! ૨૧
ચાર પગાંની જાન આ ॥ જાનડી બેપગાં સારૂં;
સમજે તો સાર નવલ બહુ ॥ નહિ તો હસવુ તો વારૂં. ૨૨

भणवानो वखत जाय छे.

गरबी (સપ્તચોકા.)

જાયછે, જાયછે, જાયછે, રે
આ વખત ભણ્યાનો વહી જાય છે !
થાયછે, થાયછે, થાયછે રે ટેક.
બહુ પછી પસ્તાવો થાય છે,
બાળપણુ ભણવાનો અવસર,
જિવના જિવતર માંહ્ય છે રે, આ વખત૦
ખેડુત જો ચોમાસું ન ખેડે,
આખુ વરસ પસ્તાય છે રે. આ વખત૦

બાળપણું વીત્યું, કે ભણ્યાનો,
કાળ વીત્યોજ ગણાય છે રે. આ વખત૦
ગિરફતારી પછી દુનિયાની,
તેમાં તે શું ભણાય છે રે. ? આ વખત૦
ફરી વખત મળીને કાંઇ પણ,
કુમળીજ ડાળ વળાય છે રે આ વખત૦
પાકો કોઠીએ ચડે ન કાના,
ટપ્પુ ટપ્પુ વાંચો ગભરાય છે રે. આ વખત૦
ભણ્યા વિના નર નાર નિદાને,
દુઃખદારિદ્રે રીબાય છે રે આ વખત૦
હાલ રમત રૂડી લાગે પણ,
કેડે કુડી દેખાય છે રે. આ વખત૦
રમતું ખરૂં ને ભણવું ખરૂં,
એજ ડહાપણ કહેવાય છે રે. આ વખત૦
ભણ્યા વિના તો સિદ્ધિ ન ભવમાં,
ભણેજ સુખ પમાય છે રે. આ વખત૦
વિદ્યાવણ માણસ પશુ સરખું,
કહેવત સાચી સદાય છે રે. આ વખત૦
જનને જનાવર જનમ સમે તો,
સમજમાં સરખાં દેખાય છે રે. આ વખત૦
પણ જન તો પંડીત બને છે,
જો જુગતું શિખવાય છે રે. આ વખત૦

વાર વાર વા'લે શીખવેથીંજ,
બાળકથી બોલાય છે રે. આ વખત૦
રાખો રણે તો રહેજ મૂગું,
સમજતું મૂગ શિખાય છે રે. આ વખત૦
લો સર્વ શિક્ષા, શિક્ષણથીજ,
માણસ મોટું મનાય છે રે. આ વખત૦
નવલ કહે જે અભણ રહે તે,
પશુપદ પામવા ચા'ય છે રે. આ વખત૦

ગાયના ગુણ.

ગરબી. (ચોચોકા.)

લાગે મને, ગાય તું ઘણી વા'લી,
ઓ ગોરી ગરીબ, ને ગુણવાળી! લાગે૦ ૧
તારૂં રૂપ મને રૂડું લાગે,
મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે૦ ૨
ધોળું અંગ ને શિંગડાઓ કાળી;
આંખ રાંકડી, કાળી હેતાળી. લાગે૦ ૩
તારે કંઠે, ઘંટડી ઘણઘણતી,
ચારે ચરણે, ઝાંઝરી, ઝણઝણતી. લાગે૦ ૪
ગોવાળેથી, પાછી તું વળતી,
ત્યારે ભાં, ભાં, ભાં, ભાવે ભણતી. લાગે૦ ૫
આપે ઉથલો વાછડું થનથનતાં,
પેસે પોળમાં પ્રેમે તું તે સુણતાં. લાગે૦ ૬

હીંડે હરખે, ઉછળતી તું ધેની;
તોએ કોને, મૂકે ન તું ડેની. લાગે૦ ૭

ચાટે એડાં બાળ બચારી લે;
એવી ડાહી દયાળુ તું દીસે. લાગે૦ ૮

મારનાર ઉપર પણ તું ભારે;
નથી કરતીજ, રીસ અતિશય કયારે. લાગે૦ ૯

તેં તો ધર્મનો, મર્મજ, પરમ લહ્યો;
ગૂઢ* ગરીબ, પણુનો ગુણ ગ્રહ્યો! લાગે૦ ૧૦

તું તો રોજ, પરોપકારે રાજી;
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે૦ ૧૧

તું ધોળી, ને ધોળું દૂધ તારૂં;
ગુણકારી, સ્વાદ ભર્યું સારૂં. લાગે૦ ૧૨

દહીં દૂધ, ઘી, માખણ, ને છાસ;
જેમાં સર્વ, સ્વાદ તણો વાસ. લાગે૦ ૧૩
એ પાંચે, અમૃત પૃથ્વીપર જે;
તેં અમ અર્થે, તું તો સરજે. લાગે૦ ૧૪

બર્ફી, ને પેંડા, ને માવો;
બાસુદી શિખંડનો બંડો લાવો. લાગે૦ ૧૫

તે તો તારી પ્રસાદી, ઓ, સુખદાતા!
ગાય માતા, તું સાચીજ છે માતા. લાગે૦ ૧૬

તારા પ્રેમનો પાડ, હું કેમ વાળું!
આવ, આવ, હું હેતે પંપાળું! લાગે૦ ૧૭

---

* ગરીબાઇ—રાંકપણુ—જે ધર્મની મુખ્ય મતલબ છે તે તેં બરાબર પકડી રાખી છે.

*તારી શિંગડી, સુંદર સિંદુરે;
રંગી સોને, સણુગારૂં હું રે. લાગે० ૧૮
કરૂં ચાંદલો, ને ચોખા ચોડું;
ફુલહાર પહેરાવી, નિરખું મોડું ! લાગે० ૧૯
તારૂં ઝગઝગતું, જ્યોતિજ સરખું;
મુખ ભાળી, હરખું ને નિરખું. લાગે० ૨૦
ધન ધન ! ધેનુ ! રૂપ ગુણધામ;
ગુણ ગાયના, ગાય નવલરામ. લાગે० ૨૧

ચોમાસાની ચાર માસ.

ગરબી. ત્રિતાલી, અષ્ટ ચોકા.

ચોમાસાના ચાર માસ છે સારારે,
લીલી સાડી સુંદર સજે [1]ધારા. ચોમાસાના०
ધોરી માસ આષાડ તે કહાવેરે,
વરસાદને દોરી લાવેરે.
જો કે પહેલાં કંઈક તપાવે, ચોમાસાના०
કડકડીને પડે મેઘરાયરે,
પડે પાણી, તે નેવે ન માયરે,
ધોધો ધોજ બધે સંભળાય ! ચોમાસાના०

---

* આ બે કડીમાં કહ્યા પ્રમાણે ધનતેરસને દહાડે ગાયને લોકો ગુજરાતના કેટલાએક ભાગમાં સણુગારે છે   ૧ પૃથ્વી.

નદી નાળાં તળાવ ભરાય રે,
જળ જળ પળમાં થઇ જાય રે;
ડુબ્યું જાણે જગત જળ માંય! ચોમાસાના૦
હોય વંનધરી સજિવન રે;
નાચે ગિરિપર મોર થનથન રે,
કરે કળા ને હોય મગન. ચોમાસાના૦
શ્રાવણ માસે સરવડાં હોય રે,
ગામ બહાર મેળે સૌ કોયરે;
જઇ લીલું લીલું બધે જોય. ચોમાસાના૦
માથે મેઘનો માંડનો આગો રે,
નીચે લીલો ગલીચો બિછાવ્યો રે;
વચે મનહર *મછ ઝળકાવ્યો; ચોમાસાના૦
જિવ જંતુઓ નિપજે ઝાઝા રે;
જ્યાં જોઇએ ત્યાં છોડ છે તાજારે;
શાક ભાજીનો શ્રાવણ રાજા; ચોમાસાના૦
ભાદરવે તે ભડકી ઉઠ્યો રે,
"બાકી સાકીનું લો. હું તુઠ્યો રે;
કદી કહેશો ન કે હું રૂઠ્યો;" ચોમાસના૦
એમ કહીને કડાકડી માંડીરે,
રહ્યા વાઘ ને સિંહ બરાડી રે;
વીજ ઝબુકી ગગનને ફાડી, ચોમાસાના૦
દિસે સુરજ ન, થઇ રહી હેલી રે,
આવ્યો દરિયો ઉલેચીજ, હેલી રે!

મેઘ ધનુષ

તોડી તેડ, ને નદિઓ રેલી; ચોમાસાના૦

આસો માસે ફળી જન આશા રે,
પાકયાં ધાન્ય ધરતી પર ખાસ્સાં રે;
રહે ખેડુનો ખેતરે વાસો. ચોમાસાના૦

ઉડે પંખી લાખો હરખાતાં રે,
ગાય ભેંસ બળદ ચરે માતાં રે;
ઉચે આભ રૂપેરી જો, જોતાં. ચોમાસાના૦

ખીલ્યાં કમળે તળાવો છાયાં રે,
આ બે સારસને શી માયા રે!
જોજો ચંદ ચકોર તો ધાયા; ચોમાસાના૦

શરદચંદ્ર પુનમ બલિહારી રે!
ગીત ગાય નવલ નરનારી રે!
હવે દીવાળીની તૈયારી! ચોમાસાના૦

पांचमुं धोरण भणनाराओने सारु मातृस्तवन.

ઘોળ. (ચોકો.)

જ્યારે હું હતું પશુ અજ્ઞાન રે,
નહોતું ખાન કે પાનનું ભાન રે;
ત્યારે કોણે મારી સારી સંભાળ,
કરતું ધરી વા'લ? તોતે તુજ માવડી૦
કોણ ઉંઘતું હેતે ઉઠાડીને,
કોણ અંગનું હીર ધવડાવીને;

થતું હુંથી અધિક પ્રસંન,
પોતાને મન ? તેતો તુંજ માવડી૦

માંથુ મારી, ઉછાળી હું લાતરે,
ધાતું તેમ તેમ, થઇ રળીઆતરે,
કોણ મીઠડાં લેતું મુખ,
પામી મહા સુખ ? તેતો તુંજ માવડી૦

મને કોણ ઉઠાડી બેસાડતું ?
મને કોણ રીઝાવી રમાડતું ?
કોણ ગાતું ઊંઘાડવા ગીત,
પ્રફુલ્લિત ચિત્ત ? તેતો તુંજ માવડી૦

જરા માથું દુખે કદી માહરૂં,
કોણ ચોંકી થતું દેખી મ્હાવરૂં ?
*કરી કરીને કડવા કવાથ,
પીતું ખુશી સાથ ? તેતો તુંજ માવડી૦

કોણ શીખવતું બોલતાં ચાલતાં,
કોણ કહેતું મનોહર વારતા;
દીઠા દાઢી અસંખ્યજ દોષ,
તેઓ ન કર્યો રોષ, તેતો તુંજ માવડી૦

તારા પ્રેમના પાર પમાય ના,
તારાં કર્યાં તે–કોએ કરાયના,
અરે તે મળમૂત્ર અથાગ,
વળ્યાં લળ્યાં ભાગ્ય ! ધનધન ! મારી માવડી. તેતો૦

તારો પાડ શું વાળું વળાયના,
મૂકી માથું ખોળામાં હું માયના,

---

* પરેજ.

બોલું નવલ ગગળો થઇ વાણુ,
"તારૂં છે કલ્યાણુ" જયજય ! મારી માવડી. તેતો૦

ગુજરાતની મુસાફરી.

ગરબી (બહુસુત ચોકો, રૂપકતાલ.)

દક્ષિણુમાં છે દમણગંગા ॥ ત્યાંથી નીકળીએ પ્રવાસરે,
અમલસાડ; વલસાડ નાસારી, ॥ લેજો ફ્રણુસ અન્નાસ,
રમીએ ગુજરાતેરે. ૧

શી શોભે કદલીવન શિતળ ॥ શી એ'કે લીંબુવાઇરે:
આંબા આઇફ્રાના અમૃત સરખા ॥ હરખી કહે દેસાઇ.
રમીએ ગુજરાતેરે, ૨

સુરત શે'રનું સુંદર સ્ટેશન ॥ સુંદર રસ્તા સારારે;
સુંદર, નાજુક, લોક વિચિક્ષણુ ॥ શોખી સફાઇ કરનારા.
રમીએ ગુજરાતેરે. ૩

ઓ ! આવી જરીની દુકાનો ! ॥ ઉભાં રહો રઢ લાગેરે ?
પાપડી પણુ આપણુ આ ટાણે, ॥ પામ્યાં પૂરણુ ભાગ્યે ?
રમીએ ગુજરાતેરે. ૪

જરૂર નાતમાં જમવા જઇએ ॥ જમણુ આવાં નથી નિરખ્યાંરે !
ચિનાઇ સાડી ચપડા ચમકે ॥ સર્વે લખેશ્રીજ સરખાં.
રમીએ ગુજરાતેરે ૫

મેળા, ખેળા, ને વરઘોડા ॥ નાચ ને રંગ ઠામ ઠામરે;

*એ પાસાના એ મૂલકના. અંહીને બદલે ઈફ્રા કહે છે.

હસતાં રમતાંજ. દિસે સદા સૌ ॥ કરનાં હશે શું કામ ?
રમીએ ગૂજરાતેરે.

આગળ આ હતું હિંદુસ્તાનમાં ॥ સૌથી બંદર મોટું રે;
નામીચું દુનિયામાં, તે કેમ, ॥ છેક થયું હશે ખોટું !
રમીએ ગૂજરાતેરે, ૭

તાપી નાહિ, લઇ લાહે ગઝી ॥ કિનખાબ, કિનારી ચાલોરે,
નરબદાનો નિરખી, નરપુલ ॥ નરનાં [1]નરપણુ ભાળો.
રમીએ ગૂજરાતેરે. ૮

ભરૂચની ટેકરી બહુ બાંકી ॥ ટીંબા ચડજો તપાસીરે;
ટેડી પાઘડી કકડનાં કપડાં ॥ રૂમાલ તો ફરમાસી.
રમીએ ગૂજરાતેરે. ૯

ભાંગ્યું ભાંગ્યું, પણ એ છે ભરૂચજ ॥ ભૃગુનો આશ્રમ કહાવેરે;
શે'ર જુનું ગૂજરાતે, આજે પણ ॥ રૂ બહુ [2]રેલ ચડાવે.
રમીએ ગૂજરાતેરે. ૧૦

ત્યાંથી કબીરવડ જોવા જાજો ॥ જગમાં જેછે નવાઇરે;
જોઇ ડભોઇ પાછા વળજો, ॥ [3]માળમાં માલ ન કાંઇ.
રમીએ ગૂજરાતેરે. ૧૧

મેલ્યું ભરૂચ કે આવ્યું કાનમ, ॥ કાળી ધરતી રસાળીરે;
જ્યાં ચોમાસે જાય કળી પગ, ॥ કણબી કન્યા દે ગાળી.
રમીએ ગૂજરાતેરે. ૧૨

મિયાંગામ ઇટોલુ આવે ॥ આવે ઝાડનાં ઝુંડરે;
ઝાડે ચારે તળ ચરોતરનું ॥ ગોંદરૂં આ છે પ્રચંડ.
રમીએ ગૂજરાતેરે. ૧૩

---

૧ મરદાઈ, પરાક્રમ. ૨ રેલને માર્ગે. ૩ પંચમહાલનો માળ પ્રદેશ.

વડોદરે વિશ્રાંત ઉતરજો ॥ નથી મલ્હારરાવ ઘેલોરે;
દાણનું દુ:ખ તો છે હજી કાયમ ॥ ગાંઠડા હેઠે મેલો.
રમીએ ગૂજરાતેરે. ૧૪

લક્ષ્મી વિલાસ ને મોતીબાગને ॥ નજરબાગનો મીનારોરે,
જોજો સવારી, સાઠ મારીને ॥ નૃપ નવીન પ્રમાણો,
રમીએ ગૂજરાતેરે. ૧૫

પાન ને પવંળ લઈ પરવરીએ ॥ શો ઉંચો પુલ મહીનોરે !
"આવી મહીં ને ચિંતા થઇ" એ ઉખાણો હતો મહીનો.
રમીએ ગૂજરાતેરે. ૧૬

આપે જણાય છે આવ્યું ચરોતર ॥ બોલીને બુદ્ધિ જ્યાં જાડીરે,
જાડી પણ ગાઢી કસવાળી ॥ ધંધે [1]કોસરે હદવાળી,
રમીએ ગૂજરાતેરે. ૧૭

હોય જવું વડતાલ કે ડાકોર, ॥ તો વચમાંથી વિચરજોરે;
કપડવંજે કાચ ને સાબુ ॥ જોઇ સુધારો કરજો.
રમીએ ગૂજરાતેરે. ૧૮

આવી આનંદે પાછાં આણંદે ॥ કે નડીયાદે મળજોરે;
મહેમદશાહનું શૈ'ર જોઇને ॥ અમદાવાદે વળજો.
રમીએ ગૂજરાતેરે. ૧૯

અમદાવાદે આદે હતી બહુ ॥ ગાદી મોટી પાદશાહીરે,
જ્યાં ત્યાં મસીદ, ને [2]તોડા તે હજી ॥ યાદ આણે છે ભાઈ ?
રમીએ ગૂજરાતેરે. ૨૦

જુમામસીદ થી મોટી : ॥ મહમદશાનું સેન સમાયરે;

---

૧ કસર કરવાનો ગુણ. ૨ નાના મિનારા.

જુમામસીદ જોતાં તે વખતની ॥ ઝાંખી આજે થાય.
રમીએ ગૂજરાતેરે. ૨૧

ભદ્રની શોભા છે બહુ સારી ॥ ત્રણ દરવાજે કમાનરે;
હઠીસિંગને દહેરે આરસ ॥ ઓપે હીરા સમાન.
રમીએ ગૂજરાતેરે. ૨૨

શાહઆલમ સરખેજની શોભા ॥ શી રીતે વર્ણાયરે !
અસલી ઇમારત હુંનર આગળ ॥ ઇજનેરી લજવાય.
રમીએ ગૂજરાતેરે. ૨૩

રાજનગરમાં જન ઉદ્યોગી, ॥ કોઠીના કસરતી સાથેરે;
વિવેકીને વળી પરગજુ પણ ॥ તન મન [1]કણુ ત્રણુ વાતે.
રમીએ ગૂજરાતેરે. ૨૪

રસમાં છે અહિં છપ્પા ॥ સામળ–કવિના પૂરણ કામરે,
જેમ સુરતમાં પ્રેમાનંદ, ને ॥ વડોદરે દયારામ.
રમીએ ગૂજરાતેરે. ૨૫

ગઇ પાદશાહી ઘણા દિવસથી ॥ પણ [2]શાહે રંગ રાખ્યોરે;
બાંધી સાહાત્રણ તાંતણે શે'રને ॥ ધંધો ધોકારે રાખ્યો.
રમીએ ગૂજરાતેરે. ૨૬

ધોતીજોડા પીતાંબર, સાડી, ॥ જે જોઇએ તે લેજોરે;
બાર બોલાવે બોત્તેર આવે ॥ કોક દલાલને કહેજો.
રમીએ ગૂજરાતેરે. ૨૭

આવે દલાલ, ને લાવે લટકતા ॥ વેપારી ટેળે ટોળાં રે;
લઢે, વઢે, દે ગાળ, ખેંચે સમ ॥ ખાય, કરે કાગારોળ.
રમીએ ગૂજરાતેરે. ૨૮

---

૧ ચપટી દાણો. ૨ વેપારી વાણીઆઓ.

[illegible]ડો ગાયકવાડી ॥ ઘોડા ફરે મદ માતારે;
વડ[illegible] ને વિસનગરે ॥ જાવું પણ નથી જાતા.
રમીએ ગૂજરાતેરે. ૨૯

સરસ્વતી તીર સુંદર સિધ્ધપુર ॥ કપિલ મુનિનું ધામરે,
પાટણ પ્રાચીન રાજધાનીને ॥ અહિયાંથીજ પ્રણામ.
રમીએ ગૂજરાતેરે. ૩૦

કાઠિયાવાડે હાલ નથી બો ॥ *હાલો તે ભણીં જઇએરે,
દેશી રાજનાં દુખડાં દેખી ॥ દિલમાં દુઃખિયા થઇએ.
રમીએ ગૂજરાતેરે. ૩૧

રેત ગઇ ને પાણી આવ્યા ॥ ઝાડનું દેખું ન નામરે;
ખરે સોરાષ્ટ તો ખનિજ ખજાનો ॥ ખોલ્યાનો ખરો કામ.
રમીએ ગૂજરાતેરે. ૩૨

પ્રથમ જુનાગઢ ચાલો, જોઇએ ॥ નરસિંહ મેંતાનો ચોરોરે;
છતું કર્યું ગૂજરાત સપુતે ॥ એનો પાડ ન થોડો.
રમીએ ગૂજરાતેરે. ૩૩

જામનગર મચ્યું રાગ ને રંગમાં ॥ ભાવનગર ભળપણમાંરે;
પહેલા વર્ગનું ચોથું ધ્રાંગધ્ર ॥ પોરબંદર હાલ ગણ માં.
રમીએ ગૂજરાતેરે. ૩૪

સુદ્રઢ, તીખા, શોખી, શાણા, ॥ મતલબી, ખટપટવાળારે,
મીઠા તો મધથી પણ અદકા ॥ લોક આણીદાર ભાળ્યા.
રમીએ ગૂજરાતેરે. ૩૫

જોવા લાયક રાજ રહ્યાં બહુ ॥ પણ કહોને શું કરિયેરે !
રાજાધિરાજની રાજ ધજા જ્યાં ॥ રાજકોટે જઇ ઠરિયે.
રમીએ ગૂજરાતેરે. ૩૬

---

* ચાલો.

દરેક બીજાં રાજ બધા ત્યાં ॥ આવી પ્રસંગે જાશેરે;
જોઇ રહ્યા, કે ભૂળાશું પાછા ॥ પ્રવાસ પૂરો થાશે.
રમીએ ગૅજરાતેરે. ૩૭

રહી ગયું જોવું દીવઅંદર. ॥ ને ધોલેરૂ, ને ઘોઘુ રે;
આરેઘોડે ખૂટે ન મીઠુ ॥ પાણી પણ જ્યાં મોઘું
રમીએ ગૅજરાતેરે. ૩૮

પશ્ચિમે દ્વારિકા પૂર્વે કાળી, ઉત્તરે અંબામાતરે.
દક્ષિણે કુંતેશ્વર એ છે ॥ ચારે ચોકી ગૂજરાત.
રમીએ ગૅજરાતેરે. ૩૯

ઉન્હા પાણીના કુંડ લસુદ્રા ॥ ગોધ્રા, ને ઉનઇએરે;
ગંધક તો ગંધાય છે ખુલ્લો ॥ રામ સુધી શિદ જઇએ ?
રમીએ ગૅજરાતેરે. ૪૦

વિમલશાહનાં દેરાં બળેલાં ॥ લાવારસ* માં ન્હાયાંરે;
જોતાંજ, જાણે જવાલામુખીનું ॥ જોર જે જન છે ડાહ્યા.
રમીએ ગૅજરાતેરે ૪૧

રહી છેવાડે જાવણી દીસા ॥ હવા પાણી જ્યાં સાગરે;
પાલણપુર ઉપરથી થઇને ॥ આબુજી જોવા ધાર્યા.
રમીએ ગૅજરાતેરે. ૪૨

વળી વનસ્પતિ વિધવિધ ઔષધિ ॥ જૈન દે'રાં જયકારીરે;
"અઠે કઠે કરનાર મેવાડને ॥ મારવાડી અહિં બારી.
રમીએ ગૅજરાતેરે. ૪૬

---

* પૃથ્વીની અંદર જે બળતો રસ છે તે, જ્વાળામુખી ફાટે ત્યારે એ બહાર ઉભરાઈ આવે છે.

વાદળાં અંગે અડકી હિંડે ॥ ટટ્ટે જવાય ડુંગરે;
પાલીતાણે, ગિરનાર, શેત્રુંજે ॥ ભુલ્યા આપણે જતું ભાઇ.
રમીએ ગુજરાતેરે. ૪૪
રાધણપુર જઇ રણને ઝાંખતું ॥ કચ્છ ભુજ ત્યાંથિ જવાયરે;
માંડવી બંદરથી ઉપડતાં ॥ મુબઇ [1]બોટે અવાય.
રમીએ ગુજરાતેરે. ૪૫
મુંબાઇ તો અલબેલીજ કહાવે ॥ જાણીતી જગમાંહ્યરે;
વિધ્યા હુન્નર, વેપાર ને રાજનું, ॥ નર નવલ શું ગાય ?
રમીએ ગુજરાતેરે. ૪૬

चैतर मासनुं चित्र.

गरबी. (ચોછકકા.)

ચતુર ચૈત્રને વસંત વર્ગ શિદ ભાખ્યો જો ?
લોકે કયારે ઉન્હાળે ગુણ લેખી ગણ્યોજો ચતુર૦
પડે તાપજ બપોરે, તોબા તે થકી જો.
રૂડિ, રાત્રિ. ને સવાર, સાંજ છે નકી જો. ચતુર૦
રાતે નિર્મળા આકાશે તારા ઝગઝગેજો,
ચોગમ ચંદનીમાં ચંદ સારૂ ચગચગેજો. ચતુર૦
સાંજે વા'ણે શિતળ મંદ પવન વા'યછેજો,
એથી નિશાળો સવારમાં ભરાયછેજો. ચતુર૦
પણ જંત્ર વેળા ધરતી ધગી જાયછેજો,
છત્રિ જોડા વિના ડગલું ના મુકાય છેજો. ચતુર૦

---

[1] આગબોટ.

પડે તાપ તપે તાલકું માથું ભમે જો.
લોહો ઉકળે ને આવે ઉંઘ આ સમે જો. ચતુર૦
ત્યેં વાઘ નાગ આદિ શોધી છાંયડાજો,
એહાં ઝાડપર, જો ડોલાં ખાય પંખીડાંજો. ચતુર૦
પેહાં માળામાંએ બાળ પંખી તફડે જો;
નવલ કહે લાગે લૂ, બાળક, બહાર રડવડે જો. ચતુર૦

વૈશાખ માસનું ચિત્ર.

લૂ લૂ લૂ વૈશાખે શાખે શાખો લાધિયો જો !
આ શું પૃથ્વીએ પંચાગ્નિ જોગ સાધિયો જો ! લૂ લૂ લૂ૦ ૧
જાણે ભઠ્ઠીનીજ પાસ ઉભાં આપણે જો;
એવા તડકાના ભડકા લાગે બારણે જો. લૂ લૂ લૂ૦ ૨
આંખે આવે અંધારા તડકે તાકતાં જો;
વને વનચરો જળ ઝાંઝવાના ઝાંખતાં જો. લૂ લૂ લૂ૦ ૩
ગોંધાઇ ઘરમાં બેઠે ન ચેન આ ઘડી જો;
આવે ઝાળ, ને ઝલાઇ જાય ચામડી જો. લૂ લૂ લૂ૦ ૪
ગામ બહાર લૂને ઝપાટ ઘાસ છોડવા જો;
ગયા સૂકાઈ સિમાડા મસાણ સમ હવા જો. લૂ લૂ લૂ૦ ૫
બોડાં બોડાં બહુજ ઝાડ પણ દિસે ખરાં જો;
વાયા વાયરા, ને ખરર ખર્યાં પાતરાં જો. લૂ લૂ લૂ૦ ૬
સૂકાં વાંસના વન સળગીં ઉઠે આ સમે જો;
દારૂણ દવ બધુંજ બાળતો ચોગમ ઘુમે જો. લૂ લૂ લૂ૦ ૭

પશુ પક્ષી વૃક્ષ વલ્લિ પ્રલય થાય છે જો;
ઉજડ ઉજડ નવલ જંગલો જણાય છે જો. લૂ લૂ લ૦ ૮

જેઠ માસનું ચિત્ર.

આવ્યો જેઠ, ને બફાઇ ચાલ્યાં બાફથી જો !
ફુટે છે ફુવારા જોને રોમ રોમથી જો. આવ્યો જેઠ૦ ૧
એવાં ઝરણ ઝાઝાં મળી નદી વહે દીલે જો;
ટીપાં ટપકે ટપ કપાળે. ગાલે, ને ગળે જો. આવ્યો જેઠ૦ ૨
જળ જેટલું ઝરે છે, તેટલું ખરે જો;
પાણી પાણી કરી પ્રાણ પાછું લે અરે જો. આવ્યો જેઠ૦ ૩
સૂકી જીભને જનાવરો દોડે વને જો;
હતાં જે સુતાં સંતાઇ ગુફાને ખુણે જો. આવ્યો જેઠ૦ ૪
મળે જળ ન. જળ વિના સૌ બ્હાવરાં થયાં જો;
નદી નાળાં ને તળાવ તો સુકાઇ ગયાં જો. આવ્યો જેઠ૦ ૫
પાણી કુવાનાંએ કમી થઇ જાય છે જો;
લાંબા દહાડલા આ દોહ્યલા કહેવાય છે જો. આવ્યો જેઠ૦ ૬
ઘણાં હોય છે તોફાન દરિયા પરે જો;
ચડી વા વંટોળે જળ થળે જુલમ કરે જો. આવ્યો જેઠ૦ ૭
ધરણીથી ઉડાવી ધુળ ગગનને લઇ ચડે જો.
આંધી હોય, ને દબાય આદમી ઉંટ*દડે જો. આવ્યો જેઠ૦ ૮
વાંણો ડોલી, સઢ તોડી ચકડોળે ચઢી જો;
ડુબે દરીયામાં, જેને મરણ બુમ પડી જો ! આવ્યો જેઠ૦ ૯

---

*ધુળના ઢગલા.

મહાસાગરે જળસ્તંભ થઈ મેઘે* મળે જો,
રણે રેણુંનારે **નવલ** થાતા ઝળહળે જો. આવ્યો જો૦ ૧૦

ભક્તિનું પરોઢિયું.

રાગ પ્રભાત (ચોઘડા.)

ઉઠી પ્રભાતે સમરીએ–રાગ

શાંત શાંત સકળ સ્થળે શાંત ચિત્ત સારૂં,
શાંતિનો દાતાર સાર, શ્રી પ્રભુ સંભારૂં. શાંત શાંત૦ ૧
પૂર્વે બ્રહ્મ ભક્તિનું પરોઢીયું છે આજે—
પ્રફુલ ઉદક કમલ પલ્લવ બુંદ આનંદ રાજે. શાંત શાંત૦ ૨
મોહ રાત્રીનો કાળાશ ઝાંખો થયો ભાઇ;
પાપરૂપ પોયણી આપે ગઇ બીડાઇ. શાંત શાંત૦ ૩
શિતળ, સુગંધિત, મંદ ચિદાનંદ પવને.
જાગ્યો જીવ જગાડે જગત, ગંભીર શુદ્ધ સ્તવને. શાંત શાંત૦ ૪

[**છઠ્ઠું ધોરણ ભણનારીઓને સારુ**]

પ્રભાતનું વર્ણન.

પ્રભાતિયું (અષ્ટચોકા.)

જાગો, જાગોરે, મારાં ઉજમાળાં બે'નો કે
વાણેલાં ભલાં વાયારે ? ટેક.
જાગ્યાં જાગ્યાંરે મોર પોપટ મેના, કે વા'ણે૦ ૧
ધીમે ધીમે રે બોલ બોલે રસાળા, કે,

---

* વાદળાં.

જાણે જાણેરે, એ જગાડે બાળા કે, વા'ણે૦ ૨
બીજાં બીજાંરે બા'ર પંખી કલોલે કે. વા'ણે૦
ઉડે ઉડે ને, મોંઢું જ બોલે કે, વા'ણે૦ ૩
ચી ચી ચી ચીરે કરે ચકલી આનંદે કે, વા'ણે૦
રમે રમેરે, ખીસકોલી સ્વચ્છંદે કે, વા'ણે૦ ૪
બોલે બોલેરે, ગાય ભેંસ ગોશાળે કે, વા'ણે૦
નાચે નાચેરે, નાનાં વાછરૂ વા'લે કે, વા'ણે૦ ૫
જોજો, જોજોરે, ઉંચે પંખી આકાશે કે. વા'ણે૦
ચક્કર ચક્કરરે, ફરે ફુદડી ઉલ્લાસે કે, વા'ણે૦ ૬
ઉંચો ઉંચોરે, ચડયો સૌથી ચડોળ કે ! વા'ણે૦
ગાતો ગાતોરે, રસે ઝાકમ ઝોળ કે, વા'ણે૦ ૭
ગાએ ગાએરે, ગુણીજન બ્રહ્મનામ કે, વા'ણે૦
હરખે હરખેરે, આખું જગત આમ કે, વા'ણે૦ ૮
હસી હસીરે, ઉઠયાં વૃક્ષ ને વેલા કે, વા'ણે૦
ખીલ્યાં ખીલ્યાંરે મન કમળ આ વેળા કે, વા'ણે૦ ૯
ઉગે ઉગેરે સૂરજ સુખધામ કે, વા'ણે૦
તેનો તેનો આ, ઓચ્છવ ઠામ ઠામ કે, વા'ણે૦ ૧૦
ભાળે વા'ણેયે સૌ ઉગમણી દીશ કે, વા'ણે૦
રાતી રાતી જે, સોનેરી અતીશ કે, વા'ણે૦ ૧૧
ઓ ! આ ! ઉગ્યારે, જગ ઝગમગ્યું સધું કે, વા'ણે૦
જાણે ઝબકાળીરે, કા'ઢયું જ્યોતિને સિંધુ કે, વા'ણે૦ ૧૨
દીપી દીપીરે, ઉઠયા બાગ બગીચા કે, વા'ણે૦
ઝળકયા ઝળકયારે, લીલા ઘાસે ગલીચા કે, વા'ણે૦ ૧૩
જય જગ જયજયરે, ભણી ઋષિઓ ઉભેલા કે. વા'ણે૦
હેતે હેતેરે, ધરે ધ્યાન આ વેળા કે, વા'ણે૦ ૧૪

ધ્યાન ધ્યાનેરે, પરિશ્રમને ધારે કે, વા'ણે૦
માગે માગેરે, સદ્દબુદ્ધિજ ધ્યાર કે, વા'ણે૦ ૧૫
સાચે સાચેરે, સમો ભક્તિનો આ છે કે, વા'ણે૦
સહેજ સહેજરે, સંધ્યા વંદાય સાચે કે, વા'ણે૦ ૧૬
આ છે આછે રે, સુખધામ કાળે કે, વા'ણે૦
જે કાઇ જાગેરે તેનાં ભાગ્ય વિશાળ કે, વા'ણે૦ ૧૭
આવે આવેરે, મંદ શિતળ પવન કે, વા'ણે૦
એ'કે એ'કે રે શી સુગંધી આ વન કે, વા'ણે૦ ૧૮
તાજાં તાજાંરે, થાય તન ને મન કે, વા'ણે૦
વાધે વાધેરે, વય વિદ્યાને ધન કે, વા'ણે૦ ૧૯

इतिहासनी आरसी.

गरबी (છચોકા.)

ઇતિહાસની આરસી સાહી, ॥ મેં જોયું માંહી;
થિર થાવર દીઠું ન કાંઇ ! ॥ ફરતી છે છાંહી ! ૧

આ મુલક બધામાં આજ ॥ કયાંના કયાં રહેતા;
ઇંગ્રેજ કરે છે રાજ, ॥ જગમાં જશ લેતા. ૨

પણ હેંસોજ વર્ષ પછાત ॥ જો જોઇએ ઝાંખી;
દિસે દક્ષિણિયો ગુજરાત ॥ ધ્રુમતા ડર દાખી. ૩

શો પેશવાઇનો દોર ! ॥ પુનેથી સંચરતા;
બહુ ચકરા જાલમ જોર ॥ "ઇકિડે યા" કરતાં. ૪

માંડયા રાજે અધર્મ અપાર ॥ ધર્મનું કહાવે જે;
કરી ચાર દિવસ ચમકાર ॥ શૂન્ય થયું સહેજે. ૫

પેશવાઇ પહેલાં મુગલાઇ ॥ ચાલતી ચોપાસે;
અહીં સ્થાપી અકબરશાહીં ॥ બાંધી નીતિ પાસે. ૬
નહિ જુલમ, ન ઝાઝું દાણ, ॥ નહિ પક્ષા પક્ષી;
દીધું દેશાને માન સમાન ॥ દેશાઇ ગીરી બક્ષી. ૭
ટકી બસેં વરસ મુગલાઇ ॥ તે આને યોગે,
જ્યારે રાજનીતિ બદલાઇ ॥ પડી મરવા રોગે. ૮
આ બસે વરસ પણ બાદ ॥ કહીં જો પછવાડે,
પાદશાહી અમદાવાદ ॥ સ્વતંત્રપણે લાડે. ૯
" કુત્તે પર આયા સસ્સા—બસાયા શે'ર શાહને "
આ આશા ભીલને અસા—ગળે ગમ્યું તેજાને. ૧૦
થયો મહમદ, બેગડો એક ॥ છેક મહા મોટો;
બાંધ્યા મસિદ મિનારા અનેક ॥ શે'ર, સબુંગ, કોટો. ૧૧
હતો જબરદસ્ત મહા શૂર ॥ મહા મોટો જંગી;
ચડી વા'ણે લડી ચકચૂર ॥ કર્યા બહુ ફિરંગી ૧૨
પણ ચૌદસેં બાર અગાઉ ॥ હતું કયાં શે'રજ;
હવે પાટણપુરને ગાંઉ—થયો અકરા કેરજ. ૧૩
સન તેરસેં પૂરાં માંહ્ય ॥ થયા હીંદુ પૂરાં;
પડયું પાટણ વરત્યો ત્રાહ્ય ! ॥ ધિક ! નાગર નુગરા ! ૧૪
પેદા મુલકમાં મુસલમાન ॥ "મારૂં મારૂં" કરતા;
લૂટે ઝૂટે, વટાળે, લે જાન, ॥ વહુ દિકરી હરતા. ૧૫
લડ્યા પડ્યા હજારો શૂર ॥ " ભલે મરિયે મરિયે "
વહ્યું લોહી, જેમ જલપૂર ॥ ડુબ્યો દેશ તે દરિયે ! ૧૬
એ દિવસ પડી જે પોક ॥ હજી ગગને ગાજે !

એ દિવસ દેશીયો શોક ॥ કરોને મળી આજે ! ૧૭
એ દિવસ થકી પરતંત્ર ॥ થયા, લાગી ખાંપણુ રે !
એ આગે હતા સ્વતંત્ર ॥ હિંદુ સૌ આપણુ રે ! ૧૮
વધ્યો શોક, થંભ્યુ મુજ ગાન ॥ જાન આ એકજ રે,
વિના ધર્મ, નવલ, આ સ્થાન ॥ ચલિત સૌ છેકજ રે. ૧૯

वसंतवर्णन.

होरी.

પચરંગી પટકુળ ધારી,
દીપે આ કુદરત આ રતે ન્યારી, ટેક.
કુમળાં ચળકતાં વૃક્ષે સજ્યાં ॥ નવ પલ્લવ જૂનાં ઉતારી,
આંબે મોર અથાકજ ઝુકે ॥ જાણે કલગીઓ સારી.
વસંતની આવી સવારી ! દીપે૦ ૧
વીંટી વળી વેલી સૌ સૌને ॥ વૃક્ષ હસ્ત પ્રસારી,
ફૂલનાં ઝુમખે ઝુમખા ટેર પર ॥ રંગાબેરંગી અપારી !
ઝુલે ઝાડી ફૂલ ભરી ભારી ! દીપે૦ ૨
ફૂલ ભરી ડાળો ડોલે, ખરે ફૂલ ॥ પથરાઇ ફૂલની પથારી:
ભ્રમર હજારો ગુંજાર કરંતાં સુગંધિ લેતાં ગયા હારી !
બધુંજ રહ્યું મ્હેક ત્યાં મારી ! દીપે૦ ૩
ફૂલ ભરી ડાળાં ડોલે, હિંડોળે ॥ બેઠાં પોપટ મેના પ્યારી;
ને નવરંગી અવર બહુ પંખી ॥ મધુર કરે રવ ! તારી,
કોયલ, ની છે બલિહારી ! દીપે૦ ૪
કોયલો કુહૂ કુહૂ કુહૂ કરી રહે ॥ પંચમ સુર અનુસારી;

ઘટ્ટ ઘટામાં પડ્યા પડે ને ॥ કુંજ દીપી રહી સારી,
મનોહર કામણગારી ! દીપે૦ ૫

દ્રાક્ષને માંડવે લાખો દરાખો ॥ લીલી, લોચનહારી !
કુમળા બપોરના તાપે તૃસ્યાના ॥ હાથ લોભાવનહારી,
કંઠે થડક કરનારી ! દીપે૦ ૬

ઉગ્યા ગુલાબ, ને આવી ગુલાબી ॥ ટાઢની તો હવે વારી,
વાયે સવારમાં મંદ સુગંધિત ॥ શિતળ સમિર સુખકારી:
અંગે ઉમંગ વધારી ! દીપે૦ ૭

રંગ્યાં ઉમંગ્યા પશુ, પંખી નર ॥ નાર કુમાર, કુમારી,
સવ સજોડે રમે, જમે કોડે, ॥ સર્વ કરે મઝાદારી:
મુખે મીઠી હોરી ઉચ્ચારી ! દીપે૦ ૮

હોરીના સુર ઘુમી રહ્યા ચોગમ, ॥ ચોગમ લગન છે જારી:
લગનસરા તો વસંતેજ સોહે ॥ વસંત છે લગન આચારી !
જેણે રચી અજબ તૈયારી ! દીપે૦ ૯

એ રીતે આ રતે પાચે ઇંદ્રી, ॥ ને હૃદય રીઝયાં સંસારી:
હોળી રમણ, આ હર્ષ મરણની ॥ રીત સ્વભાવિક ધારી:
ગણો ચાલ ગંદી નઠારી! દીપે૦ ૧૦

સંત સ્તવે ભગવંત વસંતે ॥ ઊંચે સ્વરે લલકારી,
જેણે જગતમાં ચોગમ કરતી ॥ આવી અનુપ ઉપકારી;
લલિત લીલા વિસ્તારી ! દીપે૦ ૧૧

જય ! જય ! જય ! સચરાચર ! સુંદર ! ॥ જય ! ચિદ્રૂપ ભયકારી:
જય ! જય ! એક અકળ, બ્રહ્માંડ ॥ અખંડ અખિલ વિહારી,
નવલ તન મનના ધારી. દીપે૦ ૧૨

गुणनुं कजोडुं—वहेमी स्त्रीनुं वर्णन.

गरबी. (સમછકા.)

કેવું આ કજોડું તે કહેવાય. દેશિ કહાને તમે કેવું આ૦ ટેક

પુરૂષ તો ભણ્યો ને ગણ્યો છે ઘણો ગુમાની આ;
આંથી ના સ્વભાવ શબ્દ બોલાય. દેશિ૦ ૧

ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘુમે છે;
બાઈનું તો ચિત્ત ચુલામાંય. દેશિ૦ ૨

પુરૂષ આ પ્રવીણ પૈરો પુસ્તકો રચે છે;
પેલિથી ન પત્રએ વંચાય. દેશિ૦ ૩

ભાઈ તો સ્વદેશને સુધારવા મથે છે;
બાઇ કહે "હું જોઉં શી રીતે થાય દેશિ ૪

પુરૂષ ધુર્ત ઢોંગિનાજ ઘાટમાં ફરે છે;
તે તો ઘેર પેલીથી પૂજાય. દેશિ૦ ૫

ભાઈ તો સભામાં જઇ સુભાષણો આપે;
બાઇ જઇ રાજવિયો ગાય. દેશિ૦ ૬

પુરૂષ તો પધારે સુધારાની મંડળીમા;
પેલી પાપી મંડળીમાં જાય. દેશિ૦ ૭

ભાઇ તો નશીબનો નકાર કરે મૂળથી;
બાઇ તો ગરોડા પુઠે ધાય દેશિ૦ ૮

પુરૂષ તો પવિત્ર પરમ ઇશને પૂજે છે;
ગોવાળની ગલીચીં પેલિ ચાહ્ય. દેશિ૦ ૯

ભાઇડો ન ભુલથીએ ભુંડું કદી ભાખે;
ભુંડણી વિવાહે વિષ્ટા ખાય. દેશિ૦ ૧૦

દેશિઓ, ન દોષ દેશો, જો કદી એ બાપડાં,
હારી કરે એ પીડા વિદાય. દેશિ૦ ૧૧

છેકજ જ્યાં આવી રીતભાત મતિ જૂદિ છે;
પ્રીત તે શી રીતેરે બધાય. દેશિ૦ ૧૨

વાત શું કરે ને અરે ચિત્ત તે શું એ કરે ?
એક એકને ન જ્યાં સુહાય દેશિ૦ ૧૩

ચાલતા વેહેવારની તો વાતજ તજવી,
એણેજ રણુસ્તભ રે રોપાય દેશિ૦ ૧૪

વિદ્યાના વિનોદ કેરિ વાત કદી કહાં;
વ્હીલું વ્હીલું પેલિ જોય ત્યાંહ્ય. દેશિ૦ ૧૫

વર્ત્તમાનની વાત એને નહિ ગોઠે;
એનોં તો જુદીજ છે દુનિયાય. દેશિ૦ ૧૬
એને ઝોડ ઝપટની, કે કામણ ટુમણનીજ વાત,

કે કુટવા જવાનીરે સદાય. દેશિ૦ ૧૭
એ તો જાણે ખાવું પ્હેરવું ને ઓઢવુંજ;
કે નજર ઉતારના ઉપાય. દેશિ૦ ૧૮

ઝાઝું શું કહેવુ રે થોડું લખે ઘણું માનજો !
અભણ વ્હેમિ મુરખની એ રાય. દેશિ૦ ૧૯

વયનુરે કજોડું કદી હોય, હાય હાય થઇ.
ભૂડું ભૂડું ભૂડું બહુ ભણાય. દેશિ૦ ૨૦

રૂપનુ કજોડું પણ વિરૂપરે મનાય છે;
ગુણનું કજોડું ના ગણાય ? દેશિ૦ ૨૧

કેમરે લગાર કંઇ વિચાર કરો, નાર, નહિ કે;
નરથીં આ કજોડું કેમ વેઠાય ? દેશિ૦ ૨૨

ગુણનું કજોડું સર્વથી સંસારમાં.
લાજ જેની ના કદી હોલાય   દેશિ૦ ૨૩
લાહ્ય એ લાગી રહી છે ઠામઠામ **નવલરામ**:
આંખ જો ઉઘાડો તો દેખાય.   દેશિ૦ ૨૪

बाळलग्न तमाम नुकसाननो उपसंहार.

गरबो (સમેચોકા)

હારે નામ બાળલગનનું તો બાળો ! }
બાળો કે ખાડમાં ઘાલોરે ! નામ બાળ૦ } ટેક

બાળલગનનું નામજ સુણતાં, આવે મને કંટાળોરે; નામ૦
બાળલગનનાં દુઃખ દેખાને, દેશ થઇ ગયો કાળોરે; નામ૦
બાળ બિચારૂં શું સમજે એમાં ? હાહશો માંડયો હાલોરે; નામ૦
દેવ ઉપર શીદ દોષ મુકો છો ! પ્રકૃતિ વિરૂદ્ધજ ચાલોરે; નામ૦
બાળલગનની ભુંડી રૂઢી, આંખ ઉઘાડી ભાળોરે; નામ૦
ભૂંડી રંડાએ સુકવી નાંખ્યો, સુંદર દેશ રસાળોરે; નામ૦
બાળલગનથી તો બાળક બળનો, પાયો પૂર્ણ પ્રજાળ્યોરે; નામ૦
ઉદ્યમ હોંસ પરાક્રમ આદિ, સહેજે બળી ગઇ ડાળોરે; નામ૦
બાળલગનથી તો વિદ્યા વૃદ્ધિનો મારગ મૂળથી બાળ્યોરે; નામ૦
“ ભટ્ટ ભણ્યા, તો કે પરણ્યા છઇએ ” મનમાં આ
ઉભિ ધાડોરે. ”   નામ૦
બાળલગનને બળ બુદ્ધી હરીને, સુખનો સંભવ ટાળ્યોરે; નામ૦
હુનર કળામાં પાછળ પાડી ! પૈસો વીલાતે વાળ્યોરે; નામ૦
બાળલગનથી હોય કજોડાં, દુઃખ દુઃખ જેમાં હજારોરે; નામ૦

બાળરાંડ બહુ એથી૮ થાએ, થાએ અતિ,
વ્યભિચારોરે. નામ૦
બાળલગને હડહડતો આવ્યો, કળિજુગ કાળ કરાળોરે; નામ૦
બાળકનાં માબાપ બને છે, બાર વરસનાં બાળોરે; નામ૦
બાળલગનને તો ઢીંગલાં ઢીંગલી, સરખાં બન્યાં નર
નારીરે, નામ૦
ભર જોબનમાં ઘડપણ આવ્યું આવ્યો મરણનો
વારોરે; નામ૦
બાળલગને બન્યો બળહીણ, નહીકણ, આપણો
સઘળો રસાલોરે; નામ૦
બાળલગને અરે બાયલો કીધો, ભરતનો ખંડ
યશાળોરે; નામ૦
બાળલગન દુઃખ સકળનું મૂળજ, કળિજુગ એજ
વિચારોરે; નામ૦
બાળલગન તજી, નવલ સ્વજન સૌ દેશને ડુબતો
તારોરે; નામ૦

फीमेल ट्रेनिंग कोलेजने सारु.

लाडी विदाय.

गरबी १ ली. (સસચોકો ત્રિતાલ.)

આજ હોય સાસરે લાડી વીદાય કરે,
આશરે, ઇશ તારે !
ઇશ, તું રક્ષણ કરજેરે એનું;
એનું ન અન્ય કો સાંયરે ! આશરે૦ ૧

સાસરીં હોય સુંવાળીં ઘણેરી;
તો પણ કઠણુ કહેવાયરે. આશારે૦ ૨
ગામ અજાણ્યું ને ઠામ અજાણ્યું;
જન અજાણ્યા માંહ્યરે. આશારે૦ ૩
ખાવું પીવું પણ પર મરજી પર;
ભૂખે મુખે ન મગાયરે ! આશારે૦ ૪
નિતનાં નિઝણુ કરતાં શિખવા શું,
આ વ્રત કાઢવું વડાયરે ? આશારે૦ ૫
બોલવું તો પુછ્યું, ચાલવું ચલવ્યું;
કહેલુંજ કરવું સદાયરે. આશારે૦ ૬
બાર વરસની બાળકીંએ કયમ;
ડાવકાં આમ થવાયરે ? આશારે૦ ૭
રમતિ કુદનિ હરણી એ તો કયમ;
પગલાં ભરાવ્યાં ભરાયરે? આશારે૦ ૮
લાડે સ્મેલિથી કેમ ચરણુ મુખ;
ને મન બાંધી મુકાયરે ? આશારે૦ ૯
જીવતાં જડ થઇ પૂતળાં પેરે;
નચવ્યું કેમ નચાયરે ? આશારે૦ ૧૦
જોગીં જતીનીં ન જયાં ગતિ ચાલે;
તે કેમ કહો એથી થાયરે? આશારે૦ ૧૧
થાઓ કે નહિ પણ નિશ્ચે કરે છે;
એમજ સુકુળ બાળાયરે ? આશારે ૧૨
એથી અધિક કંઇ હોએ ત્યારેજ;
નવલ સાસરીં નિંદાયરે? આશારે ૧૩

ગરબી ૨ જી (ચોચોકા)

સાસરે જતી છોડીનો ઉત્તર.

માડી તું મારી, છોડને શોક નકામો. }
છોડીને સાસરા વિણ ક્યાં વિસામો ? } ટેક

સાસરી તો સર્વ આને શિર સરજી,
એમાં સુખ શોભા સકળ સુંદરજી;
ચાલી આવી રીત એ તો ઘરઘરજી. માડી૦ ૧

માટે તમે ધીર ધરી મને આપો,
મને તો સહેજે હોય સંતાપો;
ગમે ન જવું મેલી માયાળુ માબાપો. માડી૦ ૨

કાપીને કોમળ કેળની ડાળી,
જાણે ખોદી ઠામ કઠણમાં ઘાલી;
રૂએ રૂએ રૂએ આંસુડાં તે ઢાળી. માડી૦ ૩

કલેજું મારૂ તો ફડ ફડ થાએ,
પિપળના પાન પેઠે કંપાએ;
મારે મન પૃથ્વી રસાતાળ જાએ. માડી૦ ૪

એવું મન લાગે છે સહજ સ્વભાવે,
સાસરીએ જાવું પ્રથમ કોને ભાવે ?
સહેજે સદા સર્વને રડવું તો આવે. માડી૦ ૫

તોપણ આ શોક ક્ષણિક ગણ મારો,
ઊંડો ને ગાઢો બહુજ છે તારો;
દુખી મારા દુઃખમાં હોય વધારો. માડી૦ ૬

સાસરાયે દુઃખ તો પહેલું પલ્લામાં,
તમે કહ્યાં તે બધાં દુઃખ સાચાં મા.
તોપણ સહ્યા વણ શો છુટકો શે મા ? માડી ૭
માટે મા, શોક તજી કહો પ્રીતે.
સાસરીયે સુખી થવાય શી રીતે:
પરાયાં હોય પોતીકાં નિત્યે. માડી૦ ૮
શાબાશ ! શાબાશ ! સુતા મતિ તારી !
સફળ કરી સકળ કેળવણી તેં તારી !
સુખી રહે આ છેલ્લી નવલ શીખ ધારી. માડી૦ ૯

ગરબી ૨ જી (અષ્ટચોકા, ત્રિતાલ.)

શીક્ષાસૂત્ર.

સાંભળ, સાસરે વાસ કર્યાનાં,
સુત્ર પરમ મર્માળાંરે;
અક્ષરે અક્ષર અંતર કોતરી,
રાખજે કોમળ બાળારે. ટેક.
કામ કઠણ બહુ કરવા પોતીકાં,
જે છે છેક પરાયાંરે;
એવું કરવું તો ઇશ્વર હાથે,
પણ આપણે થાવું ડાહ્યારે. સાંભળ૦ ૧
પ્રેમ વિના પર પ્રેમ પમાય ન,
કેમે કરી કો કાળેરે;
માટે પ્રથમ તો આપ અંતર ભર.
શ્વશુર પક્ષપર વા'લેરે સાંભળ૦ ૨

શ્વશુર પક્ષ છે પક્ષજ તારો,
વિચારી જો ચિત્ત માંહી રે !
જે કુળ ઉપજી ઉછરી હેતે,
ત્યાં તો થઇ તું પરાંઇ રે ! સાંભળ૦ ૩

ઘર તે સાસરૂંજ હવેતુંજ,
આતો પિયર સૌ કહે છે રે;
ભાઈ ભોજાઇ આપે રીઝી જે,
બાપડી બે'ન તે લેછે રે ! સાંભળ૦ ૪

હુક હિયાંથી ઉઠ્યો, બેહો ત્યાં !
કરૂણુ વચન આ કહેતાં રે;
હૈયું મારૂં ઉથલાઈ જાએ,
આંખે આંસુ વહેતાં રે. સાંભળ૦ ૫

પરઘરનું ધન પુત્રી કહાવે,
સાચું આજ મેં માણ્યું રે !
સુખ દેખીશ હવે હું જ્યારે તે;
સાચું સરળ એ જાણ્યું રે. સાંભળ૦ ૬

જાણ્યું શ્વશુર કુળ કુળજ તારૂં !
રહેજે રોજ તે રૂખે રે;
તેની શોભાએ શોભા તારી,
સુખે સુખ દુઃખ દુઃખે રે. સાંભળ૦ ૭

"પિયર પનોતું રાખો પ્રભુ, પણ,
સાસરૂં તો ઘર મારૂં રે"
એમ વિચારી મનસા વાચા,
કર્મણા કરે તે પ્યારૂં રે. સાંભળ૦ ૮

પ્રેમે પોતીકું એમ ગણ્યું કે,
સહજે પોતીકું થાશે રે;
સાસુ, નણંદ, વર, દીયર, સસરો,
સર્વે ચિત્તથી ચા'શે રે. સાંભળ૦ ૯

વખતે વચન કડવાં કહે, તોપણ,
વિનય ન તજવો તારે રે;
"વનો વેરીને વશ કરે છે"
મંત્ર એ મોઘો ભારે રે. સાંભળ૦ ૧૦

"કામ કર્યાં તેણે કામણ કીધાં"
એ કહેવત છે સાચી રે,
દોરાચીઠી ને છુમંતરની,
કથની કપટી કાચી રે? સાંભળ૦ ૧૧

વિનય, વિવેક, ને વા'લ વધારી,
ધારી ધીરજ, કરી કામો રે;
સદા સુઘડતા, સદ્‌ગુણ ગ્રહીને,
નવલ કહે સુખ પામો રે. સાંભળ૦ ૧૨

ગરબી ૪ થી. (રાગ ઉપર પ્રમાણે)

શાણાં, સુઘડ, સદગુણી, બની, બેની.
સાસરે સુખીયાં થાજો રે!
સંસારે સૌ સ્ત્રી કર્તવ્યો,
કરી પરમ પદ પાજોરે! શાણાં૦ ૧

છ'ર મિજાજ તો ત્યાગજ કરવો,
જો સાસરીએ રહેવું રે!

શાણપણે સૌ સાથે બોલવું,
ચાલવું, લેવું દેવું રે. શાણાં૦ ૨
મધુર વચન, છે મધથી મીઠાં,
જન મન રંજનકારી રે;
નારિનું ભૂષણ—નારિજ નહિ જે,
નમ્રપણું ન ધરનારી રે. શાણાં૦ ૩
સ્વજન, પરજન, દાસ. દાસીશું,
વદવું વિધિ વિવેકે રે;
સૌ સાથે સૌ લાયક ચાલવું,
મા'લવું મારગ સીધે રે. શાણાં૦ ૪
વણ કહે મન વર્તી વરતવું,
સાસરે સૌ અનુસરવું રે;
પિયુ રંજનપર તો મન નિશદિન,
ખંતે અખંડજ ધરવું રે. શાણાં૦ ૫
પ્રેમે પ્રિયુ મન રંજન કરવું,
માનિનીનોં ધર્મ એ મોટો રે;
ચાર પદારથ એથીૉ પમાયે.
અન્ય ઉપાય તે ખોટો રે. શાણાં૦ ૬
સ્વામી સંબંધે શ્વશુર પક્ષની,
સેવા કરવી સુરીતે રે;
માત પીતા સમ સાસુ સસરા,
માનવા મનથી નિત્યે રે. શાણાં૦ ૭
પોતાનુંજ ઘર હવે થયું જે,
તે તો સંભાળવું ભાવે રે;

ઘર જોઠવણી તો નારીનો,
ગરવો ધર્મજ કહાવે રે. શાણાં૦ ૮
રાતદિવસ મર્થો મરે મરદ જે,
કરવા ઘરમાં કમાણી રે;
આણી કમાણી ન વાપરી જાણી,
બાયડી નહિ તે ભુંડાંણીરે. શાણાં૦ ૯
શાણી સુઘડ સ્ત્રી રોજ કરે છે,
રૂડી વ્યવસ્થા ઘરની રે,
કરકસર કરે, રહે સૌ સરખી.
શોભા વધારે વરની રે. શાણાં ૧૦
ઘર જોઇ ઘરઘણીયાણીનું,
મૂલ કરે સૌ કોઇ રે;
જે ઘરમાં ગંદવાડો દેખે,
કહે "ફુઅડ, ફુટ ? મોઇરે." શાણાં૦ ૧૧
સુઘડનાં ઘરબાર, ને ઓરડા,
આરસ જેવાં રૂપાળાં રે;
સદા સુઘડ રહે સુઘડ સુંદરી,
રાખી સુઘડ બાળ બાળા રે. શાણાં૦ ૧૨
બાળકની સંભાળ કેળવણી,
સ્ત્રીનો ધર્મ એ ત્રીજો રે,
ત્રણ્યે ધર્મ સરસ ને સરળ એ,
પાળ્યા, તો પ્રભુ રીઝયો રે. શાણાં૦ ૧૩
પ્રભુને પ્રાર્થનાથી પ્યારાં,
કર્તવ્ય કર્મો કરવાં રે;

જપ તપ વ્રત ઉપવાસ મુકી પણ,
પ્રેમે પતિવ્રત ધરવાં રે. શાણું૦ ૧૪

પતિવ્રતા પતિને અનુસરતી,
હીડે હરઘડી હેતરે;
તેની મરજી તેએ એની મરજી,
જીવન દોરી તે છે રે. શાણું૦ ૧૫

પ્રાણથી પ્યારો ગણી પિયુને,
અનન્ય ભક્તિ કરતી રે;
દુર્જન દુષ્ટને દેખીજ દૂરથી,
આઘી એ ઓસરતી રે. શાણું૦ ૧૬

નિર્જન વન, ને નિર્ધનતામાં,
રહે પિયુ પાસજ હરખે રે;
સ્વામી વિના નહિ સ્વર્ગે સોહાએ ?
સ્વામી સંગે સુખી નરકે રે ! શાણું૦ ૧૭

સતી પતિથી છુટી પડે નહિ,
છાયાવત ગત એની રે;
પતિવ્રતાનું પરમ તત્વ છે,
પતિજ, સાંભળ એ’ની રે. શાણું૦ ૧૮

એ’ની ! પતિવ્રત ધારી ધીરજથી,
કુળની કીર્તિ વધારી રે;
વિશ્વંભરનો રાખી ભરોસો,
રહેજે, ઓ બેટી, વિચારી રે. શાણું૦ ૧૯

સુખી સદા તું હોજે ઉભય સ્થળ !
કર મંગળ ! લાડઘેલીરે !

માની કુખ વખાણુંજે વા'લી !
માની નવલ શીખ છેલ્લી રે. શાણું ૨૦

સ્ત્રી સ્વરુપ.

ગરબી.

સંસારનું નૂર છે નાર,
સજન સંસારનું નૂર છે નાર.
સ્ત્રી સુધરે સકળ સુખ સાર, ટેક.
સજન, સ્ત્રી સુધરે સકળ સુખ સાર.
ધૂળધાણી બધું નિર્ધાર, એ વણ ધૂળ૦

સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન;
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સુંદર સ્ત્રીનું મન ? સજન૦ ૧
સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરેજ સ્નેહ;
સુંદરતા સંસારમાં, ભરનારી નારીજ છેય ! સજન સં૦ ૨
આપે જન્મજ જગતને પાળે પૂરણ પ્રીત !
એનાજ નામ આધારથી, કહાવે ઈશ્વરી અંબા ખ્યાત !
સજન સં૦ ૩

મીઠું બોલી મન હરે, ટાળે તન પરિતાપ;
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરનેજ આપ,
સજન સં૦ ૪

ઘરણી ઘરનો સ્તંભ છે, ઘરનું ઘરણિજ માન;
ઘરણી ઘરનું ઘરેણું છે, ઘર ઘરણિ વિનાનું સ્મશાન.
સજન સં૦ ૫

ઘડપણમાં ઘરૂણી સમી, સેવા કોથી ન હોય;
સ્વર્ગે પણ સંગે ગઇ, તેતો નારિજ! નર નહિ કોય

સજન સં૦ ૬

ધન ધન નારિ નામને! પ્રેમી પરમ અપાર!
પાળે પ્રેમે સર્વને, એતો આદ્ય શક્તિ અવતાર.

સજન સં૦ ૭

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર!
દુર્ગુણને દરિયે ડુબે, તોએ દિલડે દયાનુંજ જોર.

સજન સં૦ ૮

ગોરી ફૂલ ગુલાબનું એક કે કરમાય.
કે કોહે વણ કાળજી, તોએ જાતી સુગંધિ ન જાય.

સજન સં૦ ૯

શાસ્ત્રો, પુરાણો, પંડિતો, શાણા સજ્જન સર્વ!
સાચે સાચું હું કહું, તમે માનો મૂકી મન ગર્વ!

સજન સં૦ ૧૦

દીસે દુર્ગુણી આજ બહુ, નથી એની કાંઇ નાજ,
પણ એ દુર્ગુણી મુર્ખ કે, જે છે તે તમારાંજ કાજ.

સજન સં૦ ૧૧

આદે દમયંતિ, સીતા દ્રૌપદિ આદિ અપાર;
થઇગઇ બહુ ગુણવંતીયો, તે હતી નારિજ નિર્ધાર.

સજન સં૦ ૧૨

ધર્મ કર્મ ન કેળવો, નાપો કંઇ પણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, કયમ હોય ન એ હેવાન!

સજન સં૦ ૧૩

હા ! અબળાઓ હાયરે ! હાલ છેજ હેવાન !
ખાવું પીવું ખેલવું, એ ત્રણનુંજ જેને ભાન. સજનસં૦ ૧૪
જ્યાં હેવાનજ હારનો, સઘળો સુંદિર સાથ:
ત્યાં જીવ્યાથી તો ભલું, ખરે મરણ નવલ ઓ નાથ !
સજન સં૦ ૧૫

નીતિનો ચીલો

ગરબી (ત્રિઅઠા.)

*ચારૂ ચીલો આ નીતિનો,——નરનારીરે;
ધારો ધરી ઉર ખંત, કહુંછું વિચારીરે;
ભવ પંથે ભંડા ભોડા,——નરનારીરે;
છુપા કુવા છે અનંત, કહુંછું વિચારીરે. ૧
જેના વિવિધ મનોહરી——નરનારીરે;
વેલે છવાયાં મુખ, કહુંછું વિચારીરે;
જો ચૂકિયે પગ મકતાં,———નરનારીરે;
હોયજ અણહદ દુ:ખ, કહુંછું વિચારીરે. ૨
એ ગોઝારા કૂપમાં,———નરનારીરે;
પડયા હજારો અજાણ, કહુંછું વિચારીરે,
હસવામાં ખસવું થયું,——નરનારીરે;
ગયા રૂંધાઇ પ્રાણ, કહુંછું વિચારીરે. ૩
માટે ચિત ચેતી તમે,——નરનારીરે;
ચાલો ચીલે ચીલેજ, કહુંછું વિચારીરે,

---

*સુંદર.

ચાલોએ પ્રાચીન છે,——નરનારીરે;
સુંદર, સુખકર ૧સેજ. કહુંછું વિચારીરે, ૪
ચીલાની બે બાજુએ,———નરનારીરે;
અખંડ તરૂવર હાર, કહુંછું વિચારીરે,
શિતળ છાયો શોભતી,———નરનારીરે,
ફળ અમૃતમાં છે સાર, કહુછુ વિચારીરે. ૫
ચીલે ચાલવુ સે'લ છે,———નરનારીરે;
સીધો ૨સમતળ છેક, કહુંછું વિચારીરે;
છે કંચન રજ છાંટિયાં,———નરનારીરે;
૩ગુલ જલ એ'ક એ'ક, કહુંછું વિચારીરે. ૬
કોણ અભાગી આ ચીલો———નરનારીરે;
છોડી લીધે કુવાટ, કહુછુ વિચારીરે.
મારગ પણ એ પાંસરો,———નરનારીરે;
નહી બો કે ન ઉચાટ, કહુંછું વિચારીરે. ૭
ચીલાથી ચૂકી જરા,———નરનારીરે;
આડા અવળાં ન જાઓ ! કહુંછું વિચારીરે,
દગવાડીનાં ઠાઠથી,———નરનારીરે;
ભૂલિ શિદ ભમાઓ ! કહુંછું વિચારીરે. ૮
ચીલો ચૂકયાં તેમણે,———નરનારીરે;
આખર ખાધીજ થાપ, કહુંછું વિચારીરે.

---

૧ સ્વાભાવિક રીતે. ૨ સપાટ. ૩ ગુલાબજળ.

પર વીતે ચેતેજ,તે———નરનારીરે;
ખરાંજ ચતુરાં બાપ[1] ! કહુંછું વિચારીરે; ૯
આજ ચોંસે ચાલી ગયાં,———નરનારીરે;
પૂર્વ સર્વ સુજાણ, કહુંછું વિચારીરે;
પામ્યા પરમાનંદ પદ; નરનારીરે,
નિશ્ચળ નવલની વાણ, કહુંછું વિચારીરે. ૧૦

“ मारी भरतभूमि ”—स्वदेशस्तोत्र.

गरबी.

મારી ભરત ભૂમિ !

રૂપાળી રઢિયાળી યશાળી, સુશીલ પુનિત
તારા ચરણ ચૂમી,
આનંદે વંદુ જય જય હરદમ[2] નિત્ય ! } ટેક

સૌમામાં કાંક વિશેષજ છે !–
પણ તું તો અલૌકિક એકજ છે !–
મારી ભરત ભૂમિ૦— ૧
કોણ આવે હિમાલયની હારે?
કોહિનુરે અન્ય હીરા હારે;

---

૧. આ મારા બાપ એટલે વા'લાં જે પારકાને વીતે તે જોઈનેજ પોતે ચેતી ચાલે, તેજ ખરેખરાં ચતુર સમજવાં, મતલબ કે અનીતિનાં ખાડામા જે પડે છે તે ગમે એટલા ચતરા (ચતુરાં) થઈને ફરે છે. પણ ખરૂં જોતાં જરાએ ચતુર નથી.

૨ પ્રત્યેક શ્વાસની સાથે હંમેશા.

વણુ ગેલડિ સરસ સાકર કર્યા?–
મૅારી ભરત ભૅમિ૦— ૨

શી ફળદ્રૂપતા સ્થળ સ્થળ સોહે !
નવરંગી રમણી મુજ મનડાં મોહે !–
જાણે વાડી વિશ્વંભરનીજ હોએ,–
મૅારી ભરત ભૂમિ૦— ૩

સાથે વિશ્વંભરવાળી તું ઝાઝી;
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી.
તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખાજી —
મૅારી ભરત ભૅમિ૦— ૪

દેખી દુનીયા મરેછે દિલ દાઝી–
પણુ ફિકર ન ! રાખ પ્રભુ તુ રાજી !–
હાય ! હાલ તેની છે છતરાજી !–
મૅારી ભરત ભૂમિ૦— ૫

તારો વાંક નથીજ, તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૅદ પાપીએ;
દેવ છેક દુભવ્યો !—દુભિયે હજીએ !—
મૅારી ભરત ભૅમિ૦— ૬

મદ, આળસ, ઇર્ષા ને અનીતિ,
મતિ મતલબી, આંખળી નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ,—
મૅારી ભરત ભૅમિ૦— ૭

જૅાણી જન્મ ભૂ ભક્તિ તો નામે નહીં,
એક પેટની વેઠ અખંડ લહી;

ઉંચી ઓટ ભાગાગે કીધી ન કદી,
મારી ભરત ભૂમિ૦— ૮

એવા જનને ધિક ધિક ધિક્કાર છે,
કીડી કાગડા એથી તો ઠીકજ છે.
જેને જાતિની દાઝ અધિકજ છે !
મારી ભરત ભૂમિ૦— ૯

હોટેંટાટ, કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લેખો,
જનમ ભૂમિ[1]ભક્તિના અનભિજ્ઞ ન કો,—
મારી ભરત ભૂમિ૦— ૧૦

સ્ત્રીઓ પણ અબળા જે ભાખી,
તેણે દેશ ભક્તિ સબળા દાખી;
ઇતિહાસ છેજ એનો સાખી,
મારી ભરત ભૂમિ૦— ૧૧

જન જન્મી જન્મ ભૂમિ જે ન ચહે,
સૃષ્ટિ ક્રમવિરૂદ્ધજ રાક્ષસ એ;—
રે રાક્ષસ રૂડા સ્વપક્ષે રહે !
મારી ભરત ભૂમિ૦— ૧૨

આવા ભ્રષ્ટ સંગે ભંડાઇ માતા,
જે જગને [2]સુજનતા મૂળ ગાતા,
જેનો જશ જશવંત હજી પણ ગાતા.
મારી ભરત ભૂમિ૦— ૧૩

---

૧. જન્મ ભૂમિની ભક્તિથી અજાણ્યા કોઇ જંગલી લોક પણ નથી. ૨. સુધારો (civilization)

તું તો સત્વગુણી તત્વજ વેત્તા,
દેશ દેશથી પડીત જ્યાં વહેતા;
થઇ શિષ્ય સહોત્સાહે રહેતા,
મૉરી ભરત ભૂમિ૦— ૧૪

તારાં કાર્ય ત્યારે યવને ભાળ્યાં,
મહા શિળ, નિર્મળ, બુદ્ધિવાળાં,
અહા! "દેવા કમાડે પડે ન તાળાં,"
મૉરી ભરત ભૂમિ૦— ૧૫

સેવું નિત્ય પુનિત તવ રજ ભૂમી,
ધન્ય ભાગ્ય **નવલની** તુ જન્મ ભૂમિ,
તૉરી ભક્તિ રંગે રંગ રહીજ ઘુમિ,
મૉરી ભરત ભૂમિ૦— ૧૬

एक वेण राखवा विषे.

ધોળ રાગ વેલાવરનું

સદા રાખોરે, સદા રાખોરે, શાણાં સુજન સુજાણ એક વેણ સુસત્યનું. } ટેક.

એકજ વેણ ઉપર ચાલે, જુઓ,
સંસારનોરે, સંસારનોરે, બધો કારવે'વાર
હોય લાખોની આપ લે;
લોક ધંધોરે, લોક ધંધોરે, કરે ધમ ધોકકાર.—એકજ વેણ૦ ૧

એક વેણે વિટયું વિશ્વ, કાં,
વેપારી રે, નરનારીરે, નોકર ને શેઠ;
સર્વે જિવે રાજા પ્રજા,
વિશ્વાસેરે, વિશ્વાસેરે, ખરે વિશ્વમાં નેટ—એકજ વેણ. ૨

એક વેણુવિના તે પા ઘડી,
કેમ ભળાંરે, કયમ ભેળાંરે, રહી શકે કો જન?
જાઇ જંગલમાં એકેકથી,
શું છેટાંરે શું છેટાંરે, વસે જોજન જોજન—એકજ વેણુ૦૩
એક વેણુ વિના ગુણુ કોટિધા,
હોય તોપણુરે, હોય તોપણુરે, તેનું કોડી ન મુલ;
બાળક પણુ હાંસી કરે,
"એ તો જૂઠોરે એ તો જૂઠોરે" મળ્યું ડા'પણુ ધુળ! એકજ ૦૪
એક વેણુવિના નર રડવડે,
જયમ રોડુંરે, જ્યમ રોડુંરે, ખર્યું ભીંતથી હોય;
ઠામ ન ઠરવાનો મળે,
ભમે ભૂલ્યોરે, ભમે ભૂલ્યોરે, બની બા'વરો સોય.—એકજ૦૫
એક વેણુ ગયું તો સૌ ગયું,
સૌ તુચ્છજરે, સૌ તુચ્છજરે, ગણે તરણુાથી લોક;
થાય હડે હડે જાય જ્યાં,—
પછી સાચુંરે, કદી સાચુંરે, બોલે તે પણુ ફોક. એકજ૦૬
એક વેણુ કારણુ દારૂણુ શાં.
દુઃખ વેઠયાં રે, દુઃખ વેઠયાં રે, હરિચંદે અખેદ!
*ભૂપ ભલોરે પેલો ફ્રાન્સનો!
આવી આપે જે, આવી આપે જે, પડયો પાછો કેદ!—એકજ૦૭

*ફ્રાન્સનો રાજા જોન જે લડાઈમા હારી ઈંગ્લાંડમાં કેદ પડયો હતો તે કેટલાક કોલ કરાર કરી પોતાના રાજ્યમાં પાછો આવ્યો પણુ લોકે તે શરતો કબુલ ન રાખી તેથી એ સત્યવાદી રાજા પોતાના વેણુ ખાતર આપેઆપ પાછો ગયો અને ત્યાં કેદખાનું ભોગવ્યું.

એક વેણુ સુસત્યનું રાખતાં,
સુખ નિશ્ચયરે, સુખ નિશ્ચયરે, એઉ લોકે થોક;
નિશ્ચય વાર નવલ કવે,
અરે માનોરે, અરે માનોરે જગતના લોક !—એકજ૦ ૮

જુઠ નહિ બોલવા વિષે.

ધોળ રાગ વરાવરનું.

જીવ ! કદીએ રે, નહિ વદીએરે, જરા જૂઠ વચન; } ટેક
જૂઠે ¹જાન બે ²જહાનમાં. }

આપી પ્રભુએ વિશેષ પશુ થકી,
અસ્યા વાણીરે, દયા આણીરે, કહેવા ઉરના વિચાર;
તે તો ઢાંકી ઠુમેરી તે,
જગ ઠગવારે, જગ ઠગવારે, માંડયો વાણીં વ્યાપાર! જૂઠે જાન. ૧
સુણ ! સત્ય સંસારનો સ્તંભ છે,
જે આધારેરે, જે આધારેરે, એ ઉભો બિન ધાક;
જે વણ કડડ ત્રૂટી પડે,—
જોને આંખેરે, વણ શાખેરે, ધીરે જંઇનું નશાક. જૂઠે જાન૦ ૨
રે ! શાખા ભૂંડીજ જૂઠા તણી !
છતાં સાચુંરે, છતાં સાચુંરે એનું જૂઠું મનાય;
જોવા આવ્યો સાચ, પણ,
પેલો ખુમોરે, પાડી ખુમોરે, મુઓ મુર્ખ વૃથાય—જૂઠે જાન૦ ૩
જિવ! જિભ શિદ જુઠે વટાળિયે ?
વદે જૂઠ તો રે, વદે જૂઠ તો રે, ગુઢ પાપી જંન;

---

૧. નુકશાન, ખરાબી. ૨. દુનિયામાં આ લોકમાં ને પરલોકમાં.

પાપ પોતાનાં ઢાંકવા,
ન ઢંકાયજરે, ન ઢંકાયજરે, જાણ નિશ્ચય મંન. જૂઠે જાન૦ ૪
ભૂંડું છાણ ઉંડી ગોઝારમાં,
ધર્યુ ઢાંકીરે, ધર્યું ઢાંકીરે ઉઠે ગંધાઇ આપ !
થૂ થૂ થૂ થાયજ તથા,
વૃથા બાંધેરે, મૂઢ બાંધેરે ગાંઠે એકના બે પાપ ! જૂઠે જાન૦ ૫
જિવ નિશ્ચય કરીને જાણવું,
તરે સત્યજરે, તરે સત્યજરે, ડુબે જુઠું ઝાઝ;
તદપિ કાગળની કરામતી,
એ શા અર્થનુ રે, એ શા અર્થનુ રે, શોભે તાબુતમાંજ !–
જૂઠે જાન૦ ૬
છે જુઠ જંજાળની જાળ, જ્યાં,
એકે બીજુંરે, બીજે ત્રીજુંરે; ગુથ્યું ગણ્યું ન ગણાય;
શું સંભાળે અભાગિયો,
ઝટ જોતાંરે ઝટ જોતાંરે કો ટપ્પ ઝલાય. જૂઠે જાન૦ ૭
વાંક નજ કર, પણ કદી થાય તો,
સાચે સાચુ રે, સાચે સાચું રે, માની માગને માફ,
માફજ મળશે સો વસા,
નહિ તોએરે નહિ તોએરે ટળશે અંતર તાપ. જૂઠે જાન૦ ૮
જો અંતર્જામી અંતરે,
તે રાજીરે, રહે રાજીરે, વહે ઉર આનંદ;
અતુલ અનુપ નિજાનંદ છે,
એનિજાનંદનેરે, નિજાનંદનેરે, જાણે શું જ મતિમંદ ?
જૂઠે જાન૦ ૯

છે સત્ય સ્વરૂપજ શ્રીપ્રભુ,
એને વા'લુંરે અન્ય વા'લુરે નથી સત્ય સમાન;
છે સત્ય સ્વરૂપને પરભવી.
કયાં રહેશોરે, શું કહેશોરે, પુછે નવલ નિદાન? જાદે જાન૦ ૧૦

बाळकपर प्रीती ए स्त्रीनुं भुषण छे.

राग हालरडानो.

વનિતા કુલવંતી બોલાવે વા'લે બાળને,
મીઠાં અમૃત ઝરતાં નયણે વયણે નિત્ય;
નિત્યજ ખંતેથી ખાવાનાં ખેલવણાં તથા,
આપે કેળવણી સુખ કરણી સુંદર રીત. વનિતા૦ ૧

વનિતા કુલવંતી, ને વા'લ અપારજ બાળપર,—
પછી તે પોતીકું પરનુ કે જેનું હોય;—
એને હૈયે ઉમળકો આવે જોઇજ બાળને.
વા'લે બોલાવે તે વેળા શી સો'ય? વનિતા૦ ૨

આંખો હીરાસી ઓપે! હસતું મુખ શું મધુર!
શોભે શાં સુંદર મનરંજન ખંજન ગાલ!
ઉઘડી અર્ધ અધર પરવાળી સુવર્ણ ઝળુકતી—
ઝબકયું ઝગળળ જાણે નિર્મળ દિલનું વા'લ. વનિતા૦ ૩

એની વાણી તો નરમાશ મીઠાશ અજબ ભરી,
જેણે બાળકના મન વશ થઇ જાયજ સે'જ;
એને દેખે કે દોડી ભેટે હેતે અતિ,
એનું કહ્યું કરે સઘળું હર્ખે હખેજ! વનિતા૦ ૪

રે વણુ કહે અર્તો મન વર્તે છે તે તો સદા,
ડરતાં રખે દુભાયે એનું દયાળુ દિલ,
છરાવ્યાં છોરૂં પરાયાં પણ રે એને કણ્ઠાગરાં,
સાચે જાદુગારૂંજ જોવું એનું સુશીલ ! વનિતા૦ ૫
એનું કારણ પણ આઘું નથી, સમજવું સે'લ છે,
સમજો સુંદરીઓ ! ઓ ! હિંદની આપે આજ;
એ નથી પિટયા કર્દી કદીએ બાળ ધણેડતિ,
જે છે નહિ નારીનાં પણ કૃત્યનાં કાજ. વિનતા૦ ૬
લાજે કુલવંતી બોલતાંએ ઉંચે સ્વરે,
તો તે નિજ બાળકપર કેમજ હોય કઠોર ?
વાણી કરવીકઠોર બાળ નઠોરજ હોય,
વાણી વા'લપની વશ કરે હરાયાં ઢોર. વનિતા૦ ૭
વાણી વા'લપની વદવા સર્જી છે સુંદરી,
રહી છે સુંદરીની સુંદરતા વા'લપ માંય;
વા'લપ બાલપર જામે જ્યારે શશિ પૂર્ણ સમ,
ત્યારે **નવલ** અલૌકિક દેવીજ છે દેખાય ! વનિતા૦ ૮

विश्वंभरनो उपकार.

ગીતચંદ્રાવળા નાના (ધ્રુવાનનો રાગ.)

જે જે ! વિશ્વંભરનાથ હું તને વંદું વારંવાર;
વારંવાર તું જે કરે જનપ્રતિ પ્રતિદિન ઉપકાર,
જે ઉપકાર ન હુંથી ગણાય;
અણુહદ હદમાં કેમજ માય !

દા'ડો રાત, પ્રભાત, ને સાંજ
પળપળ સાંભળો છો રાજ ! જો૦ ૧

પાળે, સંભાળે સદા તું તો અખિલ જગતમાં જન,
જળચર ભૂચર, ખેચરને, વળી ઇતરેચર પણ અન્ય,
અન્ય હશે બ્રહ્માંડ અખંડે,
તે સર્વેનાં દુઃખ તું ખંડે.
એક અનંતનું પૂરૂ કરે.
આહા ! આ તે અકળાજ ખરે ! જો૦ ૨

અકળ, અરૂપ, અનુપને હું કેમ; તે કહું કેમ !
તેમ એક આ તો દિસે નિત્ય કરવું વિશ્વનું ક્ષેમ;
વિશ્વનું ક્ષેમ ચહે ચિત નિત્ય,
કુંજરથી તે કીડી સહિત.
સર્વેની સંભાળ સમાન,
તે છે દેવ દયાજ નિધાન— જો૦ ૩

દયાનિધાન ! કૃપાળુ ! ઓ ! કરૂણાળુ કિર્તાર !
છે વિધવિધના વિશ્વમાં ભર્યાં અન્ન ઉદક ભંડાર.
અન્ન ઉદક ભંડાર ભર્યાં તે,
ખાઈ જીવે છે જગતજ ખાંતે.
ખાજ સુખદ, ને સ્વાદે ભર્યાં,
વિધવિધનાં જે જાય ન ગણ્યાં— જો૦ ૪

જાય ગણ્યાં નહિ સર્વ તે સુખ સાધન તેં જે કીધ,
વૃક્ષ, વનસ્પતિ, વેલી ને પશુ પક્ષી ખનિજ વિવીધ,
પશુ પક્ષિ વિવિધના હોયે,
નદી ડુંગરીયે મનડાં મોહે.

શો કહું આકાશે સુંદર બહાર !
ધન ધન ! પ્રેમ રસ દાતાર — જે જે૦ ૫

ઇશ્વર તું ઉપકાર તો કરે જન્મ્યાં આથીજ સાર,
રે ! જન્મ્યાં પેલાય તે પય નિપજાવ્યું નિર્ધાર.
નિપજાવ્યું નિર્ધાર તેં દૂધ,
તારી તો છે અગમજ બુદ્ધ ?
અગમ ખેલ તો તારો અરે ?
રૂધિરનું દૂધ કોણુજ કરે ?— જે જે૦ ૬

દૂધ કર્યુંજ રૂધિરનું અતિ શુદ્ધ સરસ ગુણકારૂં,
એ ગુણ ભુલે એવું તે કોણ લૂણહરામી નઠારૂં ?
લૂણહરામી નઠારૂંજ હશે.
તે વિશ્વંભરને ભૂલશે.
વિશ્વંભરના ગુણ અનંત,
ગાય પશુ પંખી જિવ જંત !— જે જે૦ ૭

જંત ઝીણાં જળ બિંદુમાં અગણ્યાં આંખે ન જણાય,
તે સર્વે સંભાળથી ઘડયાં કરી કરામત કાય,
કરી કરામત તેં તો વડી,
સુખકર સર્વે અવયવો ઘડી.
તે પ્રત્યેનું પોષણ થાય,
તેવા સાજ સ્રજ્યા વળિ ત્યાંય.—જે જે૦ ૮

સાજ સ્રજ્યા સુખનાં જગે જગરાજ ધરી દિલ દાઝ,
દાઝ અધિક ધરી વળી મુકી બુદ્ધી માણસમાંજ,
બુદ્ધી વિવેકને જાણો અમુલ્ય,
એ ભવસાગરનો છે પૂલ.

પૂલ ભવાબ્ધિનો બાંધી હસ્યા,
અંતર્જામી રૂપે વળી વસ્યા —જે જે૦ ૯

અંતર્જામી ભોમિયો થઇ, ઉભો ભવાબ્ધિ પૂલ,
પૂલ ચૂકી વેહો તરફ વળે, તો પોકારી કહે ભૂલ.

પોકારી ભૂલ કહે છે તેહ
વારેવારે વારે છેય,
વળી દયાળુએ દેવની કૃતિ,
કર તું નવલ તત્પ્રત્યે રતિ*— જે જે૦ ૧૦

સમાપ્ત.

પ્રખ્યાત ઇંગ્રેજી નોવલીસ્ટ સર વોલ્ટર સ્કોટ

કૃત

ટેલીસમેન

અથવા

તાવીજ.

ભાષાંતર કરનાર,

ધીમતરામ નવલરામ લક્ષ્મીરામ

કિંમત રૂ. ૧.

મળવાનું ઠેકાણું—બુકસેલર કરસનદાસ નારણ-
દાસની કું. નાણાવટ.
સુરત.

ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર થયેલું છે.